**સુવિચાર**
દરેક વ્યકિતએ વાત કરતાં પહેલા વિચારવું જોઈએ કે વાત કહેવાથી તેની પ્રતિષ્ઠા વધશે કે ઘટશે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૪/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
**નિત્યમ વિદ્યા સંકુલ**
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૧૭

**ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...**
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી ( દૂરબીનથી ઓપરેશન)




**નવજીવન** જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયા, નોડલ અધિકારી પરિમલ પંડયા અને ખર્ચ નિરીક્ષકની ઉપસ્થિતિમાં

# અમરેલી સ્થિત ગાંધીબાગ ખાતે ફલેશ મોબ કાર્યક્રમ યોજાયો

### TIP અને SVEEP અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાન અન્વયે કાર્યક્રમ યોજાયો

### મતદાન જાગૃતિ અન્વયે શપથ અને સિગ્નેચર અભિયાન સહિતનાં કાર્યક્રમ યોજાશે

### નાગરિકો ચૂંટણીલક્ષી કોઈપણ ફરિયાદ હોય તો ૧૯૫૦ નંબર પર ફરિયાદ નોંધાવી શકે છે

### કાર્યક્રમનાં અંતે મતદાન જાગૃતિ માટે બનાવેલ સેલ્ફી પોઈન્ટ પર નાગરિકોએ સેલ્ફી લીધી




અમરેલી, તા. ૨૯
સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગતજિલ્લામાં ૧૫દિવસનાઈન્ટેસીવ મતદાન જાગૃત્તિ અભિયાન અન્વયે અમરેલી સ્થિત ગાંધીબાગ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયા, ખર્ચ અને TIP નોડલ અધિકારી પરિમલ પંડયા અને ખર્ચ નિરીક્ષક શ્રીનિવાસુ કોલ્લીપકાનીપ્રેરકઉપસ્થિતિમાં 'ફલેશ મોબ' યોજાઈ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કેતનભાઈમહેતાઅનેગ્રુપદ્વારામતદાન જાગૃતિનીથીમસોંગપરસુંદરનૃત્યકરીને ઉપસ્થિતસૌકોઈનેમતદાનમાટેપ્રેરિત કરવામાં આવ્યા હતા. આ તકે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ કહ્યુ કે, વિની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારતમાં ચૂંટણીનો અવસરઆવ્યો છે ત્યારે અમરેલી લોકસભાવિસ્તારમાંવધુમાંવધુ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ૧૮૧ અભયમ્ ટીમ કંડકટરની મદદે

# અમરેલીમાં એસ.ટી. બસમાં મહિલા કંડકટરનો વિડીયો ઉતારનાર પાસે માફી મંગાવાઈ

### સીટી પોલીસમાં અરજીનાં આધારે આગળની કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૯
અમરેલીમાં એસ.ટી.ના મહિલાકંડેકટરેસવારે૧૮૧માંકોલકરી જણાવેલ કે તેઓ રાજુલા–રાજકોટ રૂટની બસમાં અમરેલી બસ સ્ટેશનમાં પહોંચી રહ્યાં છે. તેઓની બસમાં એક આવરાશખ્સમુસાફરીકરીરહ્યોછેઅને તે આ બસના કંડકટરની પજવણી કરી રહયો હોય જેથી પોતાને તાત્કાલિક મદદનીજરૂર છે.

આથીઆમાહિતીમળતાંની સાથેજતુંરતજઅમરેલી૧૮૧ અભયમ મહિલાહેલ્પલાઈનટીમના કાઉન્સેલર હીના પરમાર, જી.આર.ડી. કાજલબેન પરમાર તથા પાયલોટ જગદીશભાઈ મોરે બતાવેલા સ્થળ પર પહોંચીને આ પીડિતા સાથે વાતચીત કરી તેણીને સાંત્વના આપી પરામર્શ કરતા તેઓએ જણાવેલ કે તેઓ એક મહિલા કંડેકટર તરીકે ફરજ બજાવે છે, તેઓ પોતાની

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અમરેલીનો પરિવાર વિસાવદરથી પરત ફરતો હોય ત્યારે

# બગસરા–અમરેલી બાયપાસ માર્ગ ઉપર પુરપાટ ઝડપે પસાર થતી મીની બસ પલ્ટી જતાં ૨ નાં મોત

### એક મહિલા અને એક બાળકીનું મોત થતાં અરેરાટી




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯
બગસરા બાયપાસ પાસે મચ્છુઆઈના મંદિર પાસેશ્યામટ્રાવેલ્સ નામનીખાનગીટ્રાવેલ્સબસઅમરેલીથી વિસાવદરનાઈરિયા ગામે કંકુ પગલાં કરવા ગયેલા પરિવાર ના સભ્યો પરત ફરતી વેળાએ બગસરા પાસે અકસ્માત નડતાં એક મહિલા ગીતાબેન હસમુખભાઈ રૂડાણી (ઉંમર વર્ષ ૬૦) અને આરનાબેન હિરેનભાઈ રૂડાણી (ઉંમર વર્ષ ૭) રહે. બારડીયા ગીરનું

**અનુસંધાન પાના ૬ ઉપર**

LG Life's Good.
Happiness Comes Home



EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
Up to 5% Cash Back Max. up to 2000/-*
*T&C Apply
LG BEST SHOP
**મુકુંદરાય એન્ડ બ્રધર્સ**
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
**63,890/-** (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

" સેવા - સંગઠન - સંપ"
અમરેલી જિલ્લા મોચી જ્ઞાતિ સમિતિનાં નવા હોદેદારોને ખુબ ખબુ અભિનંદન સહ શુભેચ્છાઓ..



પૂ. લાલાબાપાની ૮૩મી પૂણ્યતિથિ મહોત્સવ પ્રસંગે તેમનાં સરણોસા કોટી કોટી વંદન સહ, અમરેલી જિલ્લા મોચી જ્ઞાતિ સમિતિનાં ઉપરોકત હોદેદારોશ્રીઓને નિયુકત થવા બદલ ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ
: શુભેચ્છક :
શ્રી રમણીકભાઈ જેઠવા – પ્રમુખ (અમરેલી શહેર)
શ્રી સંજયભાઈ ગોહિલ – શિવ પાઈપ–અમરેલી
શ્રી જીજ્ઞેશભાઈ (ભોલાભાઈ) ચાવડા (ચાવડા શુઝ–અમરેલી)
શ્રી નિલકંઠ ટ્રેડર્સ – બીલખા

## દરેક ગરીબ મહિલાને વર્ષે ૧ લાખ, ગ્રેજયુએટ યુવાનને એપ્રેન્ટીસનાં એક લાખ

# કોંગ્રેસ પક્ષની સરકાર બને એટલે ગરીબી મુઠ્ઠીઓ વાળશે

**લાઠી–બાબરા પંથકને જીઆઈડીસી, રેલ્વે સુવિધા આપવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ રહી**

**લાઠી–બાબરા સહિત દેશભરનાં ખેડૂતોનાં દેવા માફી, એમએસપીથી ખરીદીનો લાભ અપાશે**

**મનરેગાનાં શ્રમિકોને દૈનિક રૂપિયા ૪૦૦નું વેતન પણ મળતું થશે**

**લોકસભા બેઠકનાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરે પ્રચાર સભાઓ ગજવી**



અમરેલી, તા. ૨૯

અમરેલી–મહુવા–ગારીયાધાર કોંગ્રેસના શિક્ષીત મહિલા ઉમેદવારે આજે બાબરા પંથકના ગ્રામ્ય વિસ્તારના લોકોના જન આશિર્વાદ મેળવ્યા હતા. અને સાંજે ૬–૦૦ કલાકે ચાવંડ, ૭ કલાકે કરીયાણા, ૮ કલાકે કોટડા પીઠા, રાત્રે ૯ કલાકે મોટા દેવળીયા ખાતે સભાને સંબોધી હતી.

આ તકે જેનીબેન ઠુમ્મરે લોકોને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, આજે દેશનો અને ખાસ કરીને અમરેલી જિલ્લામાં રોજગારીનો મોટો પ્રશ્ન છે ત્યારે અમરેલી જિલ્લાના ભણેલા–ગણેલા યુવાનો બેકાર છે ત્યારે અહીંયા કરોડોનું ડ્રગ્સ પકડાય છે ત્યારે યુવા ધન બરબાદ થઈ રહ્યુ છે.

વિકાસ, વિકાસ, વિકાસ કરી અને છેલ્લા ૨૫ વર્ષથી ભાજપનાં રાજયમાં શાસન છે અને ૧૦ વર્ષથી કેન્દ્રમાં શાસન છે ત્યારે આ વિકાસને કોંગ્રેસની સરકાર આવશે એટલે જમીન પર ઉતારવામાં આવશે.

આ તકે તેમણે જણાવ્યુ હતુ કે, લાઠીમાં બે–બે ચૂંટણીમાં જીઆઈડીસીની જાહેરાત થઈ પરંતુ આ માત્ર કાગળ પર રહી આ સરકાર કોઈ પણ યોજના માત્ર જાહેરાત પુરતી બનાવે છે.

અમરેલી જિલ્લામાં ખેડૂતો ખેતી છોડી રહ્યા છે, ખેતી મોંઘી થઈ છે અને ઉપજ પુરતી મળતી નથી, ગામડામાં ખેતી કરતા યુવાનોને પુરતી આવક ન મળવાના કારણે અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ભણેલા–ગણેલા યુવક–યુવતિઓને ફરજીયાત ઘરનું ગુજરાત ચલાવવા માટે મહાનગરોમાં જવુ પડે છે તે માટે સરકારે કરેલી અમરેલી જિલ્લાની ઉપેક્ષા જવાબદાર છે.

અમરેલી જિલ્લામાં સારી શૈક્ષણિક સંસ્થાઓ નથી, સારી હોસ્પિટલો નથી ત્યારે અમરેલી જિલ્લામાં કોરોના સમયે ઓકિસજન અને હોસ્પિટલની અછતને લીધે ભારે જાન હાની થઈ હતી. ત્યારે દરેક તાલુકા મથકની સિવીલ હોસ્પિટલોમાં પુરતો સ્ટાફ અને આધુનિકીકરણ કરવી એ મારી પ્રથમ પ્રાથમિકતા રહેશે.

જે કર્મચારી જે વિભાગમાં હોય અને જેમનામાં તેમની કુશળતા હોય તે જ કામગીરી સોંપવી જોઈએ. સરકારી મેળાવડાઓ અને રાજકીય ઉદઘાટનોમાં સરકારી કર્મચારીઓ ખાસ કરીને આંગણવાડી, હેલ્થ વર્કર, મધ્યાહન ભોજન, શિક્ષકોને ન બોલાવવા જોઈએ.

ખેડૂતોને કપાસ, મગફળી અને અન્ય ઉત્પાદનોના પુરતા ભાવ મળવા જોઈએ અને તેમાં એમ.એસ.પી. લાગુ કરવુ જોઈએ.

દરેક સરકારી કચેરીઓમાં જુના સેટઅપ મુજબ કર્મચારીનું મહેકમ મંજુર થયેલ છે તેમાંય સરકાર ભરતી કરતી નથી. અત્યારે વસ્તી જુના મહેકમ કરતા બમણી થઈ છે ત્યારે મહેકમ સુધારવામાં આવે અને તાત્કાલીક સરકારી નોકરીઓની ભરતી કરવામાં આવે તેવી અમારી માંગણી છે.

ડ્રાઈવીંગના વ્યવસાય કરતા લોકોને સામાજિક સુરક્ષા પ્રદાન કરવા માટે વિમા કવચ અને તેમના વ્યવસાયના વિકાસ માટે સરકાર ૦% વ્યાજે લોન આપે તો આ એક મોટા વર્ગનો વિકાસ થઈ શકે તેવી માંગ જેનીબેન ઠુમ્મરે કરી હતી.

આ તકે તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષભાઈ ધાનાણીએ કેન્દ્રમાં ઈન્ડીયા ગઠબંધનની સરકાર આવશે તો રાહુલ ગાંધીની લોક ઉપયોગી યોજનાઓ લાગુ થાશે જેમાં જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે, ૨૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો ગ્રેજ્યુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં અવશે અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવામાં આવે છે., સરકારી નોકરીઓમાં પેપરલીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો માટે જણસના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનુની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયાર, દવા અને ખેતીના સંશાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂા.૧ લાખ અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે., જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવાવાળા લોકોને સામાજિક સુરક્ષા આપવામાં આવશે અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે., આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે, જલ–જંગલ–જમીનનો કાનૂની હકકવન અધિકારવાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે, આદિવાસી બહુમતિવાળા વિસ્તારોમાં અધસુચિત થાશે.

આ તકે જેનીબેન ઠુમ્મર સાથે પ્રવાસમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રતાપભાઈ દુધાત, પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મર, પૂર્વધાસભ્ય ઠાકરશીભાઈ મેતલિયા, સત્યમભાઈ મકાણી, જીતુભાઈ વાળા, શાર્દુલભાઈ ડેર, લાઠી તાલુકા પ્રમુખ અંબાભાઈ કાકડીયા, બાબરા તાલુકા કોંગ્રેસ પ્રમુખ જસમતભાઈ ચોવટીયા, રવજીભાઈ ડાંગર, કનુભાઈ ગેલાણી, બાબરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચિત્તરંજનભાઈ છાંટબાર સહિત મોટી સંખ્યામાં બહેનો જોડાયા હતા.

### જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટના આધારે

# ધારીના ખડ ખંભાળીયાના સંજય વાળાની "પાસા" હેઠળ અટકાયત કરવામાં આવી

**ક્રાઈમ બ્રાંચે આરોપીને મહેસાણા જેલ ખાતે મોકલી દીધો**



અમરેલી, તા. ૨૯

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે આગામી લોકસભા સામાન્ય ચુંટણી અનુસંધાને અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર–ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃત્તિ કરતાં દારૂના ધંધાર્થી ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને, અને લોકસભા સામાન્ય ચુંટણી દરમ્યાન મતદારો તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઈ શકે તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલે અમરેલી જિલ્લા વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતિમાં સંડોવાયેલ વિજય ઉર્ફે સંજય ખોડુભાઈ વાળા, રહે. ખડ ખંભાળીયા, તા.ધારી, વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી. સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ વિજય ઉર્ફે સંજય વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા વિજય ઉર્ફે સંજય ખોડુભાઈ વાળાને પાસા વોરંટની બજવણી કરી, મહેસાણા જિલ્લા જેલ, ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

### અઢારેય વર્ણનું વ્યાપક સમર્થન કોંગ્રેસને મળી રહ્યું છે

# અમરેલી લોકસભાનાં કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર જેની ઠુંમરનાં સમર્થનમાં ૧૦૦થી વધુ આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

**મહુવા–ગારિયાધાર, જેસર પંથકમાં કોંગ્રેસને જબ્બરૂ સમર્થન**

અમરેલી, તા. ૨૯

અમરેલી–મહુવા–ગારીયાધાર–જેસર વિસ્તારના લોકસભામાં કોંગ્રેસના શિક્ષિત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના સમર્થનમાં એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પૂર્વ સાંસદ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિરજીભાઈ ઠુમ્મરની આગેવાનીમાં યોજવામાં આવી હતી. તેમાં ક્ષત્રિય સમાજ સહિત અઢારેય વર્ણના લોકો કોંગ્રેસમાં જોડાયા હતા અને જણાવ્યુ હતુ કે, કોંગ્રેસે શિક્ષીત અને અને જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે અનુભવી એવા જેનીબેન ઠુમ્મરને ઉમેદવાર બનાવ્યા છે. વળી તેઓ સૌથી સફળ જિલ્લા પંચાયતના પ્રમુખ રહી ચૂકયા છે. ત્યારે તમામનો ટેકો જેનીબેન અને કોંગ્રેસ પક્ષને છે.


આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પ્રભારી નિમેશભાઈ શાહ, સુભાષભાઈ આચાર્ય, પી.એમ. ખેની, ગોવિંદભાઈ મોરડીયા, હબીબખાન બ્લોચ, ગીરીરાજસિંહ, કથડભાઈ, ઘનશયામભાઈ બારૈયા, મુસ્તાક સેલોત, પદુબાઈ બાલધીયા, રામભાઈ આહિર, વિહાભાઈ આહિર, દેવેન્દ્રસિંહ સરવૈયા, વિનુભાઈ મેર, વલ્લભભાઈ બારૈયા, વાલજીભાઈ ભાલીયા, હિંમતભાઈ ગોટી, ભરતભાઈ પરસાણા, મઘુભાઈ વઘાસીયા સહિત વિશાળ સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે કોંગ્રેસમાં જોડાયેલા આગેવાનોમાં સરવૈયા ભાવુભા હમીરજી, સરવૈયા દેવેન્દ્રીસંહ દિલુભા, સરવૈયા ચેતનસિંહ ગંભીરસિંહ, સરવૈયા નરહરસિંહ લઘુભા, સરવૈયા જયીદપસિંહ અનિરૂધ્ધસિંહ, સરવૈયા મહિપતસિંહ કાનભા, સરવૈયા જનકસિંહ, સરવૈયા મહેન્દ્રસિંહ બન્ને સિંહ, સરવૈયા રવુભા, સરવૈયા મનુભા, સરવૈયા ઘનુભા, ચૌહાણ મહેબુબભાઈ બાબુભાઈ જેસર, સરવૈયા વિરમદેવસિંહ, સરવૈયા જામભા, સરવૈયા જીણુભા, સરવૈયા રામભા, સરવૈયા કુંભાભાઈ, સરવૈયા હાલુભા, સરવૈયા જયવંત સિંહ, સરવૈયા ધર્મેન્દ્રસિંહ, સરવૈયા દિવ્યરાજસિંહ, સરવૈયા રાજદિપસિંહ, વઘાસીયા સંજયભાઈ, ઠુમ્મર રમેશભાઈ, ઠુમ્મર પરેશભાઈ, ઠુમ્મર જેન્તીભાઈ, વાઘેલા પ્રકાશભાઈ, ગઢવી નારૂભાઈ, ગાહા અબ્દુલભાઈ, ગાહા કાદિરભાઈ, સલોત જાહિદભાઈ, નાળોદા સુખાભાઈ, મકવાણા ઘનશ્યામભાઈ, દિનેશભાઈ પ્રેમજીભાઈ (હિપાવડલી), જગદીશભાઈ બિજલભાઈ, વાલજીભાઈ ગોવાભાઈ, મસરીભાઈ, આપાભાઈ નાગભાઈ, દિલુભાઈ જેઠાભાઈ, મંગળસિંહ, હેમભાઈ દુદાભાઈ, ધર્મેન્દ્રસિંહ, છત્રપાલસિંહ મહાવિરસિંહ જેસર, હર્ષદિપસિંહ એશુભા, અર્જુનસિંહ ગોવિંદસિંહ, યુવરાજસિંહ ભદુભા, હારૂનભાઈ જોગીયા, અબીબભાઈ, રીજવાનભાઈ, બિલાલભાઈ, પોપટભાઈ, હુશેનભાઈ વિગરે લોકો કોંગ્રેસમાં જોડાયા હતા.

### કાળઝાળ મોંઘવારી અને બેકાબુ બેરોજગારીનાં માહોલમાં રાહત

# ધારીનાં દલખાણીયા ગામે શ્રમિકોનાં હિતમાં ‘મનરેગા’ યોજના હેઠળ કામગીરી શરૂ કરવામાં આવી

**જાગૃત્ત અગ્રણીએ શ્રમિકોની રોજગારી માટે સતત રજૂઆત કરતાં કામગીરી શરૂ**



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લા સહિત દેશભરમાં આજે કાળઝાળ મોંઘવારી અને બેકાબુ બનેલ બેરોજગારીનાં કારણે દેશનાં કરોડો ગરીબ પરિવારોને રોજીરોટી મેળવવી અત્યંત જરૂરી છે. તેવા સમયે ડો. મનમોહનસિંહ સરકારે ૫ વર્ષ પહેલા શ્રમિકો માટે શરૂ કરેલ ''મનરેગા'' યોજના શ્રમિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

અમરેલી જિલ્લાનાં શ્રમિકોને રોજગારી મળી રહે તે માટે જાગૃત અગ્રણી ભરત સુતરીયાની ઉચ્ચકક્ષાએ રજૂઆત બાદ ધારીનાં દલખાણીયા ગામે ''મનરેગા'' યોજના હેઠળ સેંકડો શ્રમિકોને રોજગારી આપવામાં આવતાં શ્રમિકોમાં રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે. જે કોઈ શ્રમિકોને રોજગારી મેળવવી હોય તેઓએ સ્થાનિક પંચાયતમાં અરજી આપીને રોજગારી મળી શકે છે.

### આંખ ગુમાવનાર પીડિતે કલેકટરને પત્ર પાઠવ્યો

# અમરેલીની સિવિલ હોસ્પિટલમાં આંખના મોતીયાનાં ઓપરેશનમાં આંખ ગુમાવનારને ન્યાય મળતો નથી

**વળતર આપવાની યાદીમાંથી નામ ગાયબ થયું**

અમરેલી, તા.૨૯

અમરેલીની સિવિલ હોસ્પિટલમાં એક થી દોઢ વર્ષ પહેલા થયેલ મોતીયા ઓપરેશન કાંડમાં ૧૦ દર્દીઓને ન્યાય મળ્યો અને એક પિડીત વ્યકિતને ન્યાય ન મળતા તેઓએ કલેકટરને પત્ર પાઠવેલ છે. પિડીત બાબુભાઈ ધાનાણીએ કલેકટરને પત્ર પાઠવેલ છે પત્રમાં જણાવેલ છે કે તેઓએ સિવિલ હોસ્પિટલમાં આંખના મોતીયાનું ઓપરેશન કરાવેલ જેમાં તેઓની આંખની દ્રષ્ટિ જતી રહેલ. છતાં હોસ્પિટલનાં સંચાલકો તરફથી ન્યાય મળતો ન હોય યોગ્ય મદદ કરવા માંગ કરેલ છે.

# લાઠીનાં ગ્રામ્ય વિસ્તારમાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા તરફી માહોલ










લાઠી વિધાનસભાના ગામડાઓમાં ભાજપના ઉમેદવાર ભરતસુતરીયાનો પ્રવાસ ગામડે ગામડે કરવામાં આવ્યો હતો. અકાળા, હરસુરપુર, દેવળીયા, હીરાણા, પીપળવા, આંબરડી, ધ્રુફણીયા, ભટ્ટવદર, ભાલવાવ, શાખપુર, છભાડીયા, તાજપર, નાના રાજકોટ, આસોદર સહિતના ગામડામાં પ્રવાસ યોજાયો હતો. સભાદરમિયાન લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે દરેક ગામડાઓમાં પહેલાંના સમયમાં પાણી પણ પહોંચતું નહતું અત્યારના સમયે સૌની યોજનાનું ગામડે ગામડે પાણી પહોંચતું કર્યું છે નરેન્દ્ર મોદીની સરકારે ફરી એકવાર નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બને તે માટે આપણે સૌએ સાથે મળીને ભરતભાઈ સુતરિયાને કમળ રૂપી દિલ્હી મોકલવાના છે. લાઠી વિધાનસભાના ગામડાઓમાં એક જ નામ ભરત સુતરીયા ગુંજી ઉઠયું છે. લાઠી વિધાનસભાના ગામડાઓમાં નાની બાળાઓ દ્વારા કાઢીને ભવ્ય સત્કાર આપવામાં આવ્યો હતો. ભરતભાઈ સુતરીયાએ સભા દરમિયાન વધુમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં ગામડાના માનવીઓને જે પણ સમસ્યા હશે તે સમસ્યાનું નિરાકરણ લાવવાનો મારો પુરો પ્રયાસ કરીશ. હું પણ તમારી વચ્ચેથી જ આવેલો છું હું એક સામાન્ય માણસ છું પાર્ટીએ મારા ઉપર વિસ મૂકીને અત્યારે મને અહીં સુધી પહોંચાડયો છે મને ખબર છે. તમારા વેદનાઓ શું છે લાઠી વિધાનસભાના ગામડાઓમાં જનનું સમર્થન મળી રહ્યું હતું દરેક સભામાં દરેક ગામના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લાઠી વિધાનસભાના ૧૩ ગામડાઓનો કાર્યક્રમ સફળ બન્યો હતો ગામના લોકોએ પણ કહ્યું હતું કે ભરતભાઈ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ અને અમરેલી લોકસભા બેઠક પર લોકોનું ખૂબ જ સારૂ જનસમર્થન મળી રહ્યું છે. આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જીતુભાઈ ડેર, ઘનશ્યામભાઈ સાવલીયા, રાજુભાઈ ભૂતૈયા, મગનભાઈ કાનાણી, રાકેશભાઈ સોરઠીયા, હિંમતભાઈ રાઠોડ, દકુભાઈ પડસાળા, રોમિત કોટડીયા, ભરતભાઈ પાડા, ચિરાગભાઈ પરમાર, પ્રવીણભાઈ કાકડિયા, ઘનશ્યામભાઈ રાઠોડ, ગામના સરપંચો, ઉપસરપંચો, પંચાયતના સભ્યો, ભાજપના કાર્યકર્તાઓ ને ગામના લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### માલગાડીનાં ચાલકની જાગૃતત્તા રંગ લાવી

# પિપાવાવ- રાજુલા રેલ્વે ટ્રેક ઉપર સિંહ આવી ચડતાં બચાવી લેવાયો

### માલગાડીનાં પાયલોટનું સન્માન થયું

અમરેલી, તા. ૨૯

રેલ્વે વિભાગ સિંહો તથા અન્ય વન્યજીવોના સંરક્ષણ માટે સતત પ્રયાસો કરી રહ્યાં છે. ત્યારે રેલ્વે બોર્ડની સુચના મુજબ, માલગાડીઓનું સંચાલન કરતા ટ્રેનના પાઈલોટ નિર્ધારિત ગતિનું પાલન કરે છે અને વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે. આ અંગે ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ, ગત ૨૭ એપ્રિલ, શનિવારના રોજ, ટ્રેનના પાઈલટ દિનેશ મીના, ગુડ્સ ટ્રેન નંબર પીપીએસપી / જીએચએચ પર કામ કરતી વખતે, આ ગુડ્સ ટ્રેન રાત્રે લગભગ ૯-૩૦ કલાકે પીપાવાવ- રાજુલા સેક્શન વચ્ચેથી પસાર થતી હતી ત્યારે એક સિંહને અચાનક ટ્રેક પર આવી જતાં અને રેલ્વે ટ્રેક ઉપર આવતા જોઈને, ટ્રેનના પાયલોટે સિંહને બચાવવા માટે થઈ અને આ માલગાડીની ઈમરજન્સી બ્રેક લગાવી દીધી હતી. અને આ ટ્રેન સિંહથી ૫૦-૧૦૦ મીટર પહેલા રોકી દીધી. સિંહને બચાવવા માટે આ માલગાડીની ઈમરજન્સી બ્રેક લગાવવાના કારણે આ ઘટના સ્થળ પર માલગાડી રોકી દેવાના કારણે તથા સિંહે પાટા ઓળંગ્યા બાદ ટ્રેનને મેનેજરે રાજુલા સિટી સ્ટેશન માસ્તર સાથે વાત કરી અને ટ્રેન મેનેજર સાથે તમામ યોગ્ય સિગ્નલોની આપલે કર્યા બાદ લોકો પાઈલોટ દ્વારા માલગાડીને આગળ લઈ જવામાં આવી હતી. જેના કારણે ૧૦ મિનિટ માલગાડી મોડી પડી હતી, આ ઘટના સમયે ફોરેસ્ટ ગાર્ડ ઘટનાસ્થળ પર હાજર પણ ન હતા.

આ બનાવ અંગેની માહિતી ટ્રેનના પાઈલોટ દ્વારા મંડલ કચેરી કંટ્રોલને આપવામાં આવી હતી. ટ્રેનના પાયલોટની પ્રશંસનીય કાર્ય માટે રેલ્વે ડિવિઝનલ મેનેજર રવીશકુમાર દ્વારા ટ્રેનના પાયલોટને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# બગસરાના પાલિકા પ્રમુખ પતિ વિરૂધ્ધ પત્રિકા યુદ્ધ

બગસરા, તા. ૨૯

બગસરામાં થોડા દિવસો પૂર્વે નગર પાલિકાના પ્રમુખ પતિ દ્વારા સતવારા સમાજના આગેવાનનું સ્ટેજ ઉપરથી ઉતારી અપમાન કર્યાનો મુદ્દો પત્રિકા યુદ્ધ સુધી પહોંચતા વિસ્તારનો રાજકારણ વધુ ગરમાયું છે.

બગસરામાં થોડા દિવસો પૂર્વે સથવારા સમાજ અને કોળી સમાજનો સંમેલન ભાજપ દ્વારા યોજવામાં આવ્યું હતું. જેમાં સથવારા સમાજના ઉપપ્રમુખ દિનેશભાઈ હડિયલ ને બગસરા પાલિકાના પ્રમુખ પતિ એ.વી. રીબડીયા દ્વારા સ્ટેજ ઉપરથી ઉતારી અપમાન કર્યાનો મુદ્દો ચગ્યો હતો. આ બાબતે એવી રીબડીયા દ્વારા આવી કોઈ ઘટના બની ન હોવાનો ખુલાસો આપવા છતાં, બે દિવસમાં આ ઘટના પત્રિકા યુદ્ધ માં ફેરવાઈ ગઈ છે. બગસરામાં એક પત્રિકા વહેતી થઈ છે જેમાં સતવારા સમાજને અપમાનિત કરનાર એ.વી. રીબડીયા ને ભાજપમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરવા માંગ કરવામાં આવે છે આ પત્રિકા કોણે બહાર પાડી તે બાબતે કોઈ સ્પષ્ટતા થઈ રહી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉની લોકસભાની ચૂંટણીમાં પણ સથવારા સમાજ દ્વારા મતદાનના બહિષ્કારની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ અંતે ઘીના ઠામમાં ઘી પડી ગયું હતું. આ વખતે શું થશે તેના પર સેની મીટ મંડાયેલી છે. બગસરામાં થયેલ ચુંટણી કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે પણ સથવારા સમાજે પાંખી હાજરી આપી હતી. તેમજ સથવારા સમાજ પ્રમુખ ઉપપ્રમુખની ગેરહાજરી જોવા મળી હતી સથવારા સમાજ નો વિરોધ બગસરા પૂરતો જ મર્યાદિત રહેશે કે આ આગ અન્ય સ્થળોએ પણ ફેલાય છે તે જોવાનું રહેશે.

### ખાતરનાં વેચાણનાં નાણા તસ્કર ઉઠાવી ગયા

# અમરેલીનાં શેડુભાર ગામની સહકારી મંડળીમાંથી રૂપિયા ૩.૨૯ લાખની ચોરી થયાની ઘટના બની

### તાલુકા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૯

અમરેલી તાલુકાના શેડુભાર ગામે આવેલ શેડુભાર સહકારી મંડળીના ગત તા. ૨૭/૪ ના રાત્રીના સાડા નવેક વાગ્યાથી તા. ૨૭/૪ સાડા સાતેક વાગ્યા સુધીમાં કોઈ અજાણ્યો ચોર ઈસમે મંડળીના શટર કોઈ હથીયાર વડે તોડી અને ખોલી નાંખી મંડળીમાં ગેરકાયદેસર પ્રવેશ કરી મંડળીમાં રાખેલ કબાટના બારણા વાળી ખોલી તેમા ખાતર વેંચાણના રાખેલ રોકડા રૂા. ૩૨૯૪૬૧ ની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા માટે થઈ ફિંગર પ્રીન્ટ નિષ્ણાંત અને ડોગ સ્કવોર્ડની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

"શ્રી વલ્લભ"
MARUTI SUZUKI ARENA
માર્ચ ધમાકા ઓફર
લીમીટેડ સ્ટોક ઉપલબ્ધ....
૨૦૨૩ ના મોડલ પર ભવ્ય ધમાકા ઓફર..
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો





મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શિવ ફરસાણ (ધારીવાળા)





સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-*
ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-*





દમદાર માઇલેજ | શાનદાર સ્ટાઇલ
મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨


અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
અમરેલી જીલ્લામાં સૌપ્રથમ સ્માર્ટબોર્ડ દ્વારા ડિજિટલ એજ્યુકેશન આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ

ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૯ | ભરત સાવલીયા મો.૯૯૦૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્ડની પાછળ નારાયણ નગર, અમરેલી

હવે કોઈપણ A.C. ની ખરીદી પર મેળવો...
Rs.5000/-* CASHBACK
Symphony 0% ફાઈનાન્સ Kenstar Air Coolers


BLUE STAR DAIKIN HITACHI GENERAL IFB Cruise VOLTAS Whirlpool LG BPL
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઈલેક્ટ્રોનિક્સ
શોપ નં.૮, સુધરાઇ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo.78020 42200 / 94267 61717

Hero
go BIG go XOOM
XOOM
LED TAIL LAMP





DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
navnit@heromotocorp.biz

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-FI
lord of the streets





NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight 135kg
3D Emblem
Durable 149cc fuel Injection Engine
Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

### મેનેજમેન્ટ તમાશો જોવાનુ બંધ કરે

# અમરેલીની કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીની સુરક્ષા મજબુત કરો

**શિક્ષણ જગત માટે શર્મસાર કરતી ઘટના બની**

અમરેલી, તા. ૨૯

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ(વિદ્યાસભા) માં આવેલ કામેર્સ કાલેજમાં વિદ્યાથીની ને માર મારવામાં આવ્યો જે ખરેખર સમગ્ર શિક્ષણ જગત ને હચમચાવનાર ઘટના છે. નિંદનીય છે અને શિક્ષણ જગત માટે શરમજનક વાત છે અને સંસ્થાના પ્રમુખ કે મેનેજમેન્ટ તરફથી કોઈપણ પ્રકારના પગલાં લેવામાં આવ્યા હોઈ એવું તાકીદે થયું નથી. વિદ્યાસભા હોસ્ટેલની વિદ્યાર્થીની સાથે કેમ્પસ માંજ આવો બનાવ બન્યો છે તો મેનેજમેન્ટ કેમ આ બાબત પર ચૂપ છે? શું મેનેજમેન્ટને વિદ્યાર્થીનીઓની સલામતીની ચિંતા નથી? આવા બનાવ થી વિદ્યાર્થીનીના મનમાં એક પ્રકારનો ડર આવી જાય અને તે તેના સપના સાકાર કરવામાં અડચણરૂપ બને છે.

સંસ્થા ના ટ્રસ્ટીઓ કે પ્રમુખ કે નવા કેમ્પસ ડાયરેકટર આ બાબતે વિદ્યાર્થીનીના પિતા કે વાલી ઓની સાથે ઉભા રહેવાની તસ્દી લીધી નથી. કેમ્પસ માં હોસ્ટેલ માં રહેતી દીકરીઓ સલામત નથી. લૂખા તત્વો કેમ્પસમાં ઘુસી ને દીકરીઓ સાથે આવું વર્તન કરી જાય ત્યાં સુધી મેનેજમેન્ટ શું કરે છે? એ સવાલ ઊભો છે. હવે કેમ્પસ માં દીકરીઓ સલામત નથી એ પણ સાબિત થઈ રહ્યું છે. કહેવાતા કેળવણીકારો સમાજમાં બનતી આવી ઘટના માં કેમ જવાબદારી લેતા નથી એ ચર્ચા પણ થઈ રહી છે.

વિદ્યાસભામાં મેનેજમેન્ટ બદલાયા બાદ અનેક આવી નાની મોટી ઘટનાઓ છાશવારે બની રહી છે. જોવાનું એ રહ્યું કે સંચાલકો જાગશે કે કેમ? દીકરી ને ન્યાય માટે દીકરી ના પિતા ને સહકાર આપશે કે કેમ? એતો આવનારો સમય નક્કી કરશે. હાલ તો વિદ્યાસભાના સંચાલકો ભૂગર્ભમાં ઉતરી અને પ્રિન્સિપાલ ને હોળીનું નારિયેળ બનાવી રહ્યા હોઈ એવું જોવાય રહ્યું છે.

# ધારીમાં જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપાયા

અમરેલી, તા. ૨૯

ધારીમાં રહેતા રામભાઈ ભગાભાઈ રાઠોડ, નરેશભાઈ બાબુભાઈ કાનાણી, તથા ધીરૂભાઈ નરશીભાઈ મકવાણા નામના ત્રણેય ઈસમો સાંજના ૫/૩૦ વાગ્યે ધારીમાં આવેલા ડેડીયા પુલ પાસે જાહેરમાં પૈસાથી તીનપતીનો હાર જીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ. ૧૦,૨૦૦ના મુદામાલ સાથે સ્થાનિક પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# દામનગરમાં સાઈન બોર્ડમાં છબરડો




પી.જી.વી.સી.એલ. ની.કચેરીના દરવાજાની બહાર, ભુરખીયા રોડ પર લાઠી તાલુકાનું ધ્રુફણિયા ગામનું દામનગર થી ૬ કી.મી. નું અંતર છે, ને ૧૧ કી.મી. દર્શાવ્યા છે, આવા તો કેટલાય બોર્ડમાં કરેલી ભૂલને કારણે વાહન ચાલકો ગોથે ચડતા હોય છે ને માથું ખંજવાળતા – ખંજવાળતા મનમાં કહેતા હોય છે, મનુષ્ય માત્ર ભૂલને પાત્ર આવા બોર્ડ વાંચીને બોલી ઉઠાય છે, છે– દુનિયામાં અજબ ગજબ કહાની.

### દર વર્ષની જેમ આ વર્ષે પણ

# અમરેલીનાં બાલાજી હનુમાન મંદિરે હનુમાન જંયતીની ઉજવણી કરાઈ

**મોટી સંખ્યામાં ભકતજનોએ લાભ લીધો**



અમરેલી તા. ૨૯

બાલાજી હનુમાન મંદિર ટ્રસ્ટ દ્વારા વર્ષોની પરંપરાને જાળવી રાખતા, હનુમાન જન્મોત્સવની ભવ્યાતી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવીજેમાં આશરે ૩૫૦૦ થી ૪૦૦૦ ભાવિકો ભકતજનોએ આ મહા પ્રસાદનો લાભ લીધો.

આ ઉત્સવને સફળ બનાવવા માટે સમગ્ર ટ્રસ્ટી ગણ અને તેના દ્વારા સંચાલિત બાલાજી ધૂન મંડળ ના સભ્યો તથા બાલાજી દાદાનાં સર્વે ભકતજનોનાં અથણ પ્રયત્ન વ્હારા તેમણે સમર્પિત કરેલ. તન,મન, ધનથી આ સેવા યજ્ઞમાં સેવારૂપી આહુતી આપી આ ઉત્સવને દિપાવ્યો હતો.

# ધારી : સ્વીપ અને ટીપ અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમ અન્વયે તા. 30 મીએ કબડ્ડી ટુર્નામેન્ટ યોજાશે

અમરેલી, તા. ૨૯

લોકસભા સામાન્ય ચૂંટણી– ૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવાની વિવિધ પ્રવૃત્તિ શઢ છે. સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. નાગરિકો પોતે પણ મતદાન કરે અને અન્યને પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રેરણા આપે એવી અપીલ કરવામાં આવી હતી.

લોકસભા સામાન્ય ચૂંટણી સંદર્ભે રાજય ચૂંટણી આયોગ દ્વારા ગુજરાત રાજયમાં વધુ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ અંગે વિવિધ પ્રકારની મતદાન જાગૃતિ પ્રવૃત્તિઓના આયોજન કરવા સૂચના આપવામાં આવી છે.

મદદનીશ ચૂંટણી અધિકારી અને ધારી પ્રાંત અધિકારી દ્વારા નાગરિકોને મતદાન માટે જાગૃત કરવાના હેતુથી તા.૩૦ એપ્રિલ, ૨૦૨૪ને મંગળવારના રોજ સાંજે ૬ વાગ્યે ધારી સ્થિત દામાણી હાઈસ્કુલ ખાતે કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ કબડ્ડી ટુર્નામેન્ટમાં વધુમાં વધુ નાગરિકોને જોડાવાજિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### કાળઝાળ ગરમીમાં નેતાઓ પણ બેફામ બન્યા

# કુંકાવાવ પંથકનાં ભાજપી આગેવાને પુર્વ ધારાસભ્ય વિશે અભદ્ર ટિપ્પણી કરતા દેકારો

**સોશ્યલ મીડિયામાં ઓડિયો વાયરલ થયો**

અમરેલી, તા.૨૯

લોકસભાનીચૂંટણીનો જંગ ચાલી રહયો છે. ત્યારે રાજકીય આગેવાનો ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે નેતાઓ ભાન ભૂલી અને વાણી વિલાસ કરવાની જાણે હોડ લાગી હોય ત્યારે કુંકાવાવ પંથક ઓડિયો કોલને લઈ રાજકારણ ગરમાયું છે. જેમાં કુંકાવાવ પંથકના એક પૂર્વ સરપંચ અને ખેડૂત સાથે ભાજપના એક આગેવાને વાણી વિલાસ કરી અને પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી વિશે અશોભનીશ શબ્દ પ્રયોગ કર્યો હતો.

વડીયા તાલુકાના ખજુરી પીપળ ીયાથી બનતા નવા બનતા રોડ નીચે ખેડૂતોને ખેતરે જવાનો માર્ગ ન બનતા આ માર્ગને લઈને એક પુર્વ સરપંચ અને ખેડૂતે કુંકાવાવ પંથકના ભાજપના આગેવાનને ફોન કરી અને રજુઆત કરી હતી. ત્યારે આ કહેવાતા ભાજપના આગેવાને પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી વિશે અશોભનીયશબ્દ પ્રયોગ કર્યો હતો.આ પુર્વ સરપંચ અને ભાજપના આગેવાન વચ્ચે થયેલ હુતાતુસીની ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં અમરેલી અને રાજકોટનું રાજકારણ ગરમાયું છે.

### મની. મશીન અને મશીનરીનો ખુલ્લેઆમ દુરૂપયોગ

# લ્યો બોલો : ભાજપ પાસે વોશિંગ મશીન નહી પરંતુ મોટી લોન્ડ્રી છે : અભિષેક મનૂ સિંઘવી

**ભાજપના ૪૧૭માંથી ૧૧૬ ઉમેદવાર અન્ય પક્ષમાંથી આવ્યા**

અમદાવાદ તા. ૨૯

અમદાવાદ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૂર્વ સાંસદ ડો. અભિષેક મનૂ સિંઘવીએ જણાવ્યું હતું કે સુરતમાં તાજેતરની જીતને લોકતાંત્રિક નબળી પાડવાનું અને લોકશાહીના સિદ્ધાતોનું ઉલ્લંઘન કરવાનું કામ ભાજપે કર્યુ છે. નાણાં, મશીનરી અને મેનપાવરનો દુરપયોગ ભાજપ કરી રહ્યો છે. તાજેતરની લોકસભાની ચૂંટણીમાં ભાજપના કુલ ૪૧૭ ઉમેદવારોમાંથી એક ચતુર્થાંશ ઉમેદવારો અન્ય પક્ષોમાંથી પક્ષપલ્ટો કર્યોછે. ભાજપ સરકાર સંસ્થાને નષ્ટ કરવાનું કામ કરી રહી છે. ભાજપ સરકાર શામ, દામ, દંડ, ભેદ નીતિ અપનાવી રહી છે. જે આજ સુધી કયારેય નથી થયું. ભાજપ સરકાર ઉમેદવારને ખરીદવાનું અને અને લોકતંત્રની મજાક બનવવાનું કામ કરી રહી છે. ભાજપ દ્વારા કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં સતા મેળવવા ખરીદ વેચાણ કરવામાં આવ્યું હતું. ૭૫ વર્ષમાં અનેક સરકાર આવી પરંતુ આ ભાજપ જેવી કોઈ સરકાર આવી નથી. જેને બંધારણીય સંસ્થાઓને ન ભરપાઈ થાય તેવું નુકસાન કર્યુ છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપે કુલ ૪૧૭ ઉમેદવાર ઉભા રાખ્યા છે જેમાંથી ૧૧૬ ઉમેદવાર વિવિધ પક્ષોમાંથી આવ્યા હોય તેવા છે. હરિયાણાનાં ૫૦ ટકા ભાજપના ઉમેદવાર અન્ય પક્ષોમાંથી આવેલા છે. મુખ્ય પક્ષમાંથી ૨૫ આગેવાનો જેના પર ભાજપ ભ્રષ્ટાચારનો આરોપ લગાવી રહ્યાહતા તેમાંથી ૨૩ જેટલા લોકો ભાજપના વોશિંગ મશીનમાં ધોવાઈ ગયા છે. ભાજપ પાસે વોશિંગ મશીન નહિ પરંતુ 'મોટી લોન્ડ્રી' છે. મની, મેન પાવર અને મશીનરીનો દૂર ઉપયોગ ભાજપ સરકાર કરી રહી છે. જે ચૂંટણી આવે ત્યારે ઉમેદવાર ખરીદવાનું કામ ચાલુ કરી રહી છે. જે ચૂંટણી આવે ત્યારે ઉમેદવાર ખરીદવાનું કામ ચાલુ કરે છે. ભાજપ પ્રતિશોધની રાજનીતિ કરી રહી છે. ૭૫ વર્ષમાં અનેક સરકાર બની છે પણ કોઈ સરકારે આવી હીન કક્ષાની રાજનીતિ નથી કરી.

બંધારણીય સંસ્થાઓને બનાવામાં દસકો લાગે છે. તેની વિશ્વનીયતા બનતા ઘણા વર્ષો થાય છે. બંધારણીય સંસ્થાઓના મૂલ્યોને ખતમ કરવાનો ભાજપ પ્રયાસ કરી છે. ચંદીગઢ મેયરની ચૂંટણીમાં નામદાર ન્યાયાલયના ચુકાદાએ સ્થિતિ સ્પષ્ટ કરી હતી. ચુંટણીમાં ઉમેદવારો અને ટેકેદારોને તોડવાનું કામ થાય છે. ૧૦ વર્ષમાં ભાજપ સરકારે લોકસાહી હનનના માઈલસ્ટોન સ્થાપ્યા તે જાણવા જેવું છે. ૧૬૬ જેટલા નેતાઓ પક્ષપલટુ નેતાઓ ભાજપ પાસે ૮૫ ટકા નેતાઓ ૨૦૧૪ પછી ભાજપમાં જોડાયેલા છે. સંવિધાન ,લોકતંત્ર ખતમ કરવા માટે પ્રયાસ થઈ રહ્યા છે. ઈલેકટોરલ બોન્ડનું ૨/૩ ફંડ ભાજપ શાસિત રાજયોમાં સ્થાપિત કંપનીઓમાંથી આવ્યું છે. ભાજપ દ્વારા વિપક્ષના નેતાઓ પર જ કેન્દ્રીય એજન્સીઓ કેસ કરી રહી છે. નેતાઓને ડરાવવા માટે ભાજપે તેમની પેટર્ન રજિસ્ટર્ડ કરાવી દેવા જોઈએ, સાક્ષીઓને ડરાવી ધમકાવીને નેતાઓ સામેના કેસ મજબૂત બનાવવામાં આવે છે. સાક્ષીઓએ આપેલા સ્ટેટમેન્ટ બદલવા માટે સાક્ષીને દબાણ કરાયછે. વિટામિન એમ(મની), મશીન(ઈવીએમ), મેનપાવર, મશીનરી, (સરકારીએજન્સીઓ)નાદુર ઉપયોગ, ડર, ભય, ભાજપ સરકારે 'કોકટેલ'બનાવ્યુંછે. પ્રધાનમંત્રી મિથ્યા પ્રચાર કરી રહ્યા છે, ભાજપ દ્વારા જૂના વિડિયો એડિટ કરીને બહાર લાવવામાં આવી રહ્યા છે. પૂર્વપ્રધાનમંત્રી ડો. મનમોહનસિંહની ૧૫ વર્ષ જૂની સ્પિચને ખોટી રીતે બતાવવામાં આવી રહી છે. ભાજપ આ પ્રકારની રાજનિતિથી પ્રધાનમંત્રીના પદની ગરિમાને નુકસાન પહોંચાડી રહ્યા છે. બીજા તબ્બકાના મતદાન પછી ભાજપમાં 'ડર'નો માહોલ જેથી આ પ્રકારના શબ્દો પ્રધાનમંત્રી બોલી રહ્યાછે. ચુંટણી દરમ્યાન હેટસ્પીચ મામલે વારંવાર ફરિયાદો કરવામાં આવી છે. સ્પીચ કોઈ નેતા આપે અને નોટિસ અન્ય કોઈ નેતાઓને આપવામાં આવેછે. પરંતુ ભાજપના નેતાઓ હેટ સ્પીચ મામલે કરવામાં આવેલી ફરિયાદો ઉપર કાર્યવાહી કરવામાં વિલંબ થઈ રહ્યોછે. તેમ જણાય છે. સુરત લોકસભા બેઠક બિનહરીફ થવા ડો. અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યુંહતું કેરિટનિગ નકકી ના કરી શકે, કોરેન્સિક લેબમાં સિગ્નેચર નકકી થવા જોઈતા હતા, સુરત જીતવાનો વિશ્વાસ હતો તો ઈલેકશનની

જગ્યાએ સીલેકશન કેમ કર્યુ ? સુરતના સમગ્ર મામલે કોંગ્રેસ પક્ષ ઈલેકશન બાદ કાર્યવાહી કરીશું.

કોંગ્રેસ પક્ષે જે વચન આપ્યા તે પુરા કર્યાછે અને લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ સરકાર બનતાજ દર વર્ષ ૩૦ લાખ સરકારી રોજગાર આપીશું, ગરીબ પરિવારની મહિલા ૧ લાખ રૂપિયા વાર્ષિક આપીશું. ભાજપનાં જુમલા પત્રમાં કયાંય રોજગારી, ખેડૂતોને યોગ્ય ટેકાના ભાવ (એમ.એસ.પી) આપવા બાબતે કોઈ ઉલ્લેખ નથી, પ્રધાનમંત્રી મહિલા સશકિતકરણની બાબતે વાત તો કરે છે પણ તેમના જુમલા પત્રમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ થયો નથી. ભાજપના જુમલા પત્રમાં કયાંય મણિપુર, લદાખનો ઉલ્લેખ નથી કરાયો. જ્ઞાતિ આધારિત ગણતરીથી પ્રધાનમંત્રી મોદી કેમ ડરી રહ્યો છે ? રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં કોંગ્રેસ પક્ષના મીડિયા ડીપાર્ટમેન્ટનાં કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશી, પૂર્વ સાંસદ અમીબેન યાજ્ઞિક, વરિષ્ઠ નેતા જય નારાયણ વ્યાસ, લીગલ સેલના ચેરમેન યોગેશ રવાણી, વરિષ્ઠ નેતા બાબુ માંગુકિયા, પંકજ ચાંપાનેરી, ઈકબાલ શેખ, ઉપપ્રમુખ પંકજ પટેલ, મીડિયા કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, એઆઈસીસી મીડિયા કો–ઓર્ડીનેટર સારિકાસિંઘ, પ્રદેશ પ્રવકતા હિરેન બેન્કર, રત્નાબેન વોરા, મનીષા પરીખ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા મોચી જ્ઞાતિ સમિતિની રચના

અમરેલી તા. ૨૯

અમરેલી જિલ્લા મોચી જ્ઞાતિ સિમિતિની રચના આજ રોજ ભકતરાજ લાલબાપાની પૂણ્યતિથિના દિવસે કરવામાં આવેલ.

અમરેલી જિલ્લાની મોચી જ્ઞાતિના વિકાસ માટે તેમજ જિલ્લાનું મજબૂત સંગઠન બને અને વિવિધ સામાજિક કાર્યો થાય. વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને મદદ મળી રહે તેમજ સરકારી યોજનાઓના લાભો જ્ઞાતિજનોને મળે તેમના માર્ગદર્શક હેતુથી તેમજ મોચી જ્ઞાતિજનો રાજકીય ક્ષેત્રે આગળ આવે અને દેશ સેવા કરે એવા ઉમદા હેતુથી આ સંગઠનની રચના કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લા મોચી જ્ઞાતિ સમિતિ (૧) હીરેનભાઈ ચાવડા: પ્રમુખ (૨) સાગરભાઈ સરવૈયા : ઉપપ્રમુખ મહામંત્રી (૩) જીતુભાઈ ચુડાસમા: મંત્રી (૪) શરદભાઈ સોલંકી : ખજાનચી (૫) સયૂકાંતભાઈ ચૌહાણ : મંત્રી (૬) ભાવેશભાઈ સરવૈયા : કારોબારી સભ્ય (૭) સંજયભાઈ ચૌહાણ: સંગઠન મંત્રી (૮) પ્રકાશભાઈ વાઢેર : સંગઠન મંત્રી (૯) યશવંતભાઈ વડેરા : કારોબારી સભ્ય.

# અમરેલી જિલ્લામાં સ્વીપ અને ટીપ અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા

**ખર્ચ અને ટીપ નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષ**



અમરેલી , તા. ૨૯

લોકસભા સામાન્ય ચૂંટણી –૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવાની વિવિધ પ્રવૃત્તિ શઢ છે. સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. નાગરિકો પોતે પણ મતદાન કરે અને અન્યને પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રેરણા આપે એવી અપીલ કરવામાં આવી હતી. લોકસભા સામાન્ય ચૂંટણી સંદર્ભે રાજય ચૂંટણી આયોગ દ્વારા ગુજરાત રાજયમાં વધુ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ અંગે વિવિધ પ્રકારની મતદાન જાગૃતિ પ્રવૃત્તિઓના આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર, ખર્ચ અને ટીપ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને અમરેલીના ગાંધીબાગ ખાતે ફલેશ મોબ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોને વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

રાજુલા તાલુકા ખાતે માર્કેટિંગ યાર્ડ તેમજ બસ સ્ટેન્ડ ખાતે (ફલેશ મોબ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતું. વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ, મતદાન જાગૃતિ નાટક કાર્યક્રમ, સિગ્નેચર કેમ્પેઈન, મતદાન સેલ્ફી પોઈન્ટ તેમજ મતદારોને મોબાઈલ ફલેશ શપથ લેવડાવવામાં આવ્યા. ધારી તાલુકાના અમૃતપુર, રામપુર સાવરકુંડલાના દોલતી, ભમ્મર, લીલીયા તાલુકાના કણકોટ, ખાતે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અમરેલી સ્થિત સ્માર્ટ બજાર ખાતે ચૂંટણી ફરજ પરના અધિકારીઓના અધ્યક્ષસ્થાને ફલેશ મોબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત સાવરકુંડલા ખાતે વિવિધ જગ્યાએ (ફલેશ મોબ ડાન્સ) કરવામાં આવ્યો. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. તેમને મતદાનનું મહત્વ સમજાવી અચૂક મતદાન કરવા જણાવવામાં આવ્યું.

### ચૂંટણી ફરજ પરના અધિકારીઓ–કર્મચારીઓ નાગરિકો મતદાન જાગૃત્તિ પ્રસરાવશે

# અમરેલી જિલ્લા કક્ષાની 'રન ફોર વોટ'માં નાગરિકોને સહભાગી થવા અનુરોધ

**ખર્ચ અને TIP નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને બેઠક સંપન્ન**



અમરેલી , તા. ૨૯

લોકસભા બેઠક પર આગામી તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન પ્રક્રિયા યોજાશે. જિલ્લામાં ગત લોકસભાની ચૂંટણી કરતાં વધુ મતદાન થાય તેવા હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી પંચના સઘન અભિયાન અંતર્ગત મતદાન જાગૃત્તિ દોડ (રન ફોર વોટ)નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે ખર્ચ અને ટર્ન આઉટ ઈમ્પિલિમેન્ટેશન પ્લાન (ટીપ) નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તેમણે વિવિધ વિભાગોને કરવાની થતી કામગીરી વિશે જણાવી સૂચના આપી હતી. જિલ્લા તેમજ તાલુકા કક્ષાના કાર્યક્રમો માટે પણ તેમણે વિવિધ પાસાઓને આવરી લઈ સમીક્ષા કરી હતી. અમરેલી જિલ્લા કક્ષાનો સૂચિત કાર્યક્રમ આગામી તા.૦૪ મે, ૨૦૨૪ના રોજ શનિવારે સાંજે ૬.૦૦ કલાકથી ફોરવર્ડ હાઈસ્કુલના મેદાનમાં યોજવા માટે તૈયારીઓ હાથ ધરવામાં આવશે. ખર્ચ અને ટર્ન આઉટ ઈમ્પિલિમેન્ટેશન પ્લાન (ટીપ) નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીએ કહ્યુ કે, ચૂંટણી પંચના દિશા નિર્દેશ મુજબ મતદાર જાગૃત્તિલક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. રન ફોર વોટ એ કાર્યક્રમમાં શહેરના મુખ્ય માર્ગો પરથી દોડ પસાર થશે. પ્રાંત અધિકારીઓ દ્વારા સંબંધિત તાલુકા અને તે વિસ્તારમાં સમાવિષ્ટ નગર પાલિકાઓને આ કાર્યક્રમના આયોજન અંગે માર્ગદર્શન આપશે. તાલુકા કક્ષાએ તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા આ દોડનું આયોજન કરવામાં આવશે. આ દોડમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ, નાગરિકો, સ્વૈચ્છિક સંગઠનો, વેપારી મંડળો, મહિલાઓ, યુવાનો સહિતના જોડાશે. આ બેઠકમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આદર્શઆચાર સંહિતા સમિતિના નોડલ અધિકારીશ્રી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ધારી પ્રાંત અધિકારી, બગસરા પ્રાંત અધિકારી સહિતના વિવિધ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જીવન જરૂરીયાત વસ્તુઓ અર્પણ કરાઈ

# નાગેશ્રી ચારધામ ટેમ્પલ બોર્ડ દ્વારા નિરાધારા મહિલાઓને કિટનું વિતરણ

**પૂર્વ એસીપી જે.એમ. ઠાકર પણ મદદમાં જોડાયા**




અમરેલી, તા. ૨૯

નાગેશ્રી ટેમ્પલ બોર્ડ દ્વારા જરૂરીયાત મંદ નિરાધાર મહિલાઓને જીવન જરૂરી ચીજવસ્તુઓની કિટનું વિતરણ કરવામાં આવેલ.

આ તકે પુર્વ એસીપી જે.એમ. ઠાકર, બિપીનભાઈ વસુંદધરા જાગૃત શાહ વિગેરે હાજર રહેલ.

# સાવરકુંડલા ઉતાવળા હનુમાનજી ખાતે આરએસએસ દ્વારા આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો







સાવરકુંડલા મહાકાળી ચોકખાતે આવેલ સુપ્રસિધ્ધ ઉતાવળા હનુમાનજી મંદિર ખાતે ગુર્જર ક્ષત્રીય સમાજ સાવરકુંડલા તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામક આયુષની કચેરી ગાંધીનગર પ્રેરીત અને નાયબ નિયામક રાજકોટ તથા જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલી ના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંચાલિત ડો. હેડગેવાર સેવા સમિતિ ના સહયોગ થી વિનામુલ્યે આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો હતો આ કેમ્પમાં ડોકટર દેવેન્દ્ર ચૌહાણ મેડીકલ ઓફીસર અને ડોકટર કે.બી. ગોંડલીયા મેડીકલ ઓફીસરે સેવા આપી દર્દીઓને તપાસી, નિદાન અને આયુર્વેદિક દવા આપવામાં આવી હતી આ આયુર્વેદ નિદાન કેમ્પ મા તમામ રોગો જેવા કે, ચામડીના રોગો, શ્વાસ, સંધિવાત, પેટના રોગો, વૃધ્ધાવસ્થા જન્ય રોગો, સ્ત્રી રોગો, પેશાબના રોગો, બાળરોગો, ડાયાબીટીસ વગેરેનું આયુર્વેદ પધ્ધતિથી નિદાન કરી, વિનામુલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવી હતી આતકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તા ઓએ સેવા આપી કેમ્પ ને સફળ બનાવ્યો હતો આ આયુર્વેદિક કેમ્પ દર માસે સાવરકુંડલા ના ઉતાવળા હનુમાનજી આશ્રમ ખાતે વિનામૂલ્યે યોજાય છે.

### પીપળવા ગમાની ઈજાગ્રસત ગાયની કરી સારવાર

## લીલીયા પંથકમાં મુંગા પશુઓની સેવામાં ‘૧૯૬૨’ થી પ્રશંસનીય કામગીરી

### કોઈપણ પશુ બીમાર હોય તો "૧૯૬૨" ની મદદ માંગો

અમરેલી, તા. ૨૯



અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પીપળવા ગામમાં ૧૦ ગામ દીઠ ફરતાં પશુ દવાખાના દ્વારા હરેશભાઈ ની અબોલ ગાય ને રોજડા ને જોઈ ને ભડકતા ઘાયલ થવાથી પગના ભાગમાં ફેકચર થવાથી ૧૯૬૨ માં ફોન કરતા જ સારવાર માટે ફરતું પશુ દવાખાનું ઘટના સ્થળ પર પહોંચી ગાય નુ હાડકુ સરખું કરી ને પગ નું પ્લાસ્ટર કરી ગાય ને પીડામુક્ત કરાવી જીવ બચાવવામાં આવ્યો. પીપળવા ગામ ના હરેશભાઈની ગાય ને રોજડા ને જોઈ ને ભડકી જતા અકસ્માત થવાથી પડી જવાથી પગનું હાડકું ભાગી ને બહાર આવી ગયેલ અબોલ ગાય ને બહુ પીડાતી હતી, તે કેસ મળતા ની સાથે આજે સવારે ૮ વાગ્યે ૧૦ ગામ દીઠ ફરતાં પશુદવાખાના જાત્રોડા એનિમલ એમ્બ્યુલન્સ ના કર્મચારીઓ તુરંત ઘટના સ્થળ પર પહોંચી તપાસ કરતા પ્લાસ્ટર ની જરૂર જણાતા ૧૦ ગામ દીઠ ફરતાં પશુ દવાખાના એનિમલ એમ્બ્યુલન્સ ના ડોક્ટર વિવેક ગજેરા અને ડોક્ટર ઋત્વિક કથીરીયા તથા પાયલોટ કમ ડ્રેસર પ્રતીકભાઈ ભટ્ટ અને દીપકભાઈ દ્વારા ખૂબજ સાવચેતી પૂર્વક અને સતર્કતાથી ઓપરેશન અને સારવાર કરી છેવટે બે કલાક થી પણ વધારે સમયની મહેનત બાદ પગનું સફળતાપૂર્વક ઓપરેશન કરી ગાય ને પિડામુક્ત કરાઈ હતી આમ, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાનાં ૧૦ ગામ દીઠ ફરતાં પશુ દવાખાના એનિમલ એમ્બ્યુલન્સ ના કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક અબોલ પશુનો જીવ બચાવવામાં આવ્યો હતો તેમજ ખૂબ જ સાઢં સેવાનું કામ કરવામાં આવ્યું હતુ, કોઈપણ જીવ રખડતો ભટકતો હોય અને કોઈપણ તકલીફથી પીડાત હોય તો તુરંત જ *૧૯૬૨* મા *કોલ* કરી એનિમલ એમ્બ્યુલન્સ બોલાવી અબોલ પશુ પક્ષીઓના જીવ બચાવવાના અભિયાનમાં સેવારૂપ થવું.

## અમરેલીથી હજયાત્રાએ જનાર માટે એક કાર્યક્રમ યોજાયો




રાજુલા, તા. ૨૯

રાજય હજ કમિટી દ્વારા યોજાયેલ હતો.જેમાં ગુજરાત રાજય હજ કમિટી થી આવેલ માસ્ટર ટ્રેનર્સ દ્વારા હજ – ૨૦૨૪ માં જનાર કાદરી ખલીલ રહેમાન મહેબૂબ રહેમાન ઝીંગા બાપુ હજ અદા કરવા માટે જતાં, તેઓનાં તેમજ કાદરી મહેબૂબ રહેમાન જીયાઉર રહેમાન બાપુના સાથ સહકારથી આ કાર્યક્રમ સફળતા પૂર્વક યોજાયેલ હતો,જે કાર્યક્રમ માં હજ અદા કરવા માટે જનાર કાદરી ખલીલ રહેમાન ઝિંગાબાપુ મહેબુબ બાપુ,અમરેલી જિલ્લાના એફ. ટી. સિદ્દીક પારેખ, અમરેલી પાલિકાનાં ભૂતપૂર્વ ઉપપ્રમુખ સકિલબાપુ, અકિલભાઈ રઈશ, યુનુશભાઈ દેરડીવાલા તેમજ અમરેલી જિલ્લાનાં લઘુમતી મોરચા નાં પ્રમુખ રજાકભાઈ વલીભાઈ કચરા તથા અમરેલી જિલ્લા નાં લઘુમતી મોરચાનાં મહામંત્રી સમીરભાઈ કનોજીયા હાજરી આપી તમામ હાજી સાહેબો ને મકબુલ હજ થવા દુઆ સાથે મુબારકબાદી આપેલ હતી.

### અવસાન નોંધ

**અમરેલી** :કાશમીરાબેન ભટ્ટ તે સ્વ. સુધીરભાઈ નિરંજન ભટ્ટનાં પત્ની, ચેતન નિરંજનભાઈ ભાભી, પ્રિતિ સુધીરભાઈ, જામની, સિલ્કી હરિ અનુથ્થામનના માતૃશ્રી, દયુતિ, ઈશાના મોટા મમ્મી, દહેશ વાસુદેવ મહેતાનાં બેન અમરેલી મુકામે અવસાન પામેલ છે. સદ્ગતની સ્મશાન યાત્રા તારીખ ૩૦ સવારે ૮ વાગે તેમના નિવાસસ્થાન, બ્લોક નં. ૧૨૮, સુધીર શ્રી રંગ સોસાયટી ચિતલ રોડ, અમરેલીથી નીકળશે. તેમનું ઉઠામણું ત્યાં જ રાખેલ છે.

### ખાંભા-રાજુલાના ભાણિયા, ગીદરડી, ભેરાઈ અને વાવડી ગામે

## શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવી અન્ય નાગરિકોને પણ મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો

### ખેડુત ચુનાવ પાઠશાળાનું આયોજન કરાયું

અમરેલી, તા. ૨૯



લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવાની વિવિધ પ્રવૃત્તિ શઢ છે.

સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. નાગરિકો પોતે પણ મતદાન કરે અને અન્યને પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રેરણા આપે એવી અપીલ કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ભાણિયા તથા ગીદરડી, રાજુલાના ભેરાઈ અને વાવડી ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજવામાં આવ્યો. શ્રમકાર્ય સાથે જોડાયેલા વર્ગને આવરી લેતી ચુનાવ પાઠશાળા કાર્યક્રમમાં શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું અને તેમને મતદાન જાગૃતિ માટે અન્યને પણ મતદાન કરવા સમજૂત કરવા અનુરોધ કરવામાં આવ્યો. ચૂંટણી ફરજ પરના અધિકારી અને શ્રમિકોએ મતદાનના શપથ લીધા હતા. ચૂંટણી ફરજ પરના અધિકારી તેમજ જિલ્લાના ગ્રામસેવકોને ખેડૂત ચુનાવ પાઠશાળાનું આયોજન કરવા બેઠક યોજવામાં આવી હતી. જિલ્લાના ખેડૂતો, મહિલા ખેડુતો અને નાગરિકોને, વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ કાર્યક્રમો મારફત મતદાનનું મહત્વ સમજાવવામાં આવશે. આ કાર્યક્રમોના આયોજન અર્થે ગ્રામસેવકોને હાથ ધરવાની પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મહુવા ખાતે કોંગી ઉમેદવાર જેની ઠુંમરનાં ચુંટણી કાર્યાલયનો દબદબાભેર પ્રારંભ










મહુવા ખાતે કોંગ્રેસના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે અમરેલી લોકસભા તેમજ મહુવા ગારીયાધાર અને અમરેલી જિલ્લાના કોંગ્રેસના મહિલા શિક્ષિત ઉમેદવાર જેનીબેન એ મહુવાના પ્રાથમિક પ્રશ્નો નીચર્ચા કરી હતી આ તો કે તેમને જણાવ્યું હતું કે મહુવાને રેલવેની સુવિધા મળે અને લાંબા અંતરની પેસેન્જર ટ્રેન મળે તેમ જ રેલવે બોર્ડ પોતાના વિવિધ ઓટો પાટ્ર્સનું ઉત્પાદન મહુવા વિસ્તારમાં શરૂ કરે તો આ વિસ્તારના લોકોને રોજગારી મળી શકે એમ છે આ ઉપરાંત મહુવા વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં સારી મેડિકલ સારવાર મળે તે માટે દવાખાના અને રસ્તાઓ અને પાણીની સમસ્યા છે તે દૂર કરવાની અમારી પ્રાથમિકતા રહેશે આ ઉપરાંત નિવૃત્ત થયેલા કર્મચારીઓને જૂની પેન્શન સ્કીમનો લાભ મળે અને ઓલ્ડ પેન્શન સ્કીમ ફરી શરૂ થાય તેમ જ દિવસ રાત નોકરી કરતા હોમગાર્ડ અને જીવા જીઆરડી ના જવાનોને પોતાની આજીવિકામાં વધારો થાય તે માટે હોમગાર્ડના જવાનોને્ ૭૦૦ દૈનિક તેમજ જીઆરડીના જવાનોને ્૫૦૦ દૈનિક પગાર મળે તેવી અમારી માગણી છે આ ઉપરાંત આ વિસ્તારની બહેનો ખૂબ મહેનતુ છે ત્યારે આ બહેનોને ગૃહ ઉદ્યોગ મારફત કામ મળે તો આ વિસ્તાર ખૂબ સમૃદ્ધ થઈ શકે તેમ છે મહુવા વિસ્તારમાં અનેક ધાર્મિક સ્થળ ો આવેલા છે ત્યારે આ વિસ્તારને સરકાર પ્રવાસન ઉદ્યોગ સાથે જોડે તો અહીંયા વિશાળની વિશાળ તકો છે જેનાથી લોકોને રોજગારી પણ મળી શકે તેમ છે મહુવા વિસ્તારના પશુપાલકોને પણ સરકાર સહાય કરે તો આ વિસ્તારમાં પશુપાલન ઉદ્યોગ મોટા પ્રમાણમાં વિકાસ થાય તેમ છે અને સારી ક્વોલિટીનું દૂધ અને દૂધની બનાવટોનું પણ ઉત્પાદન ના વિસ્તારમાં થઈ શકે તેમ છે અમરેલી જિલ્લામાં સહકારી માળખું ખૂબ મજબૂત છે ત્યારે સહકારી આગવાનોને મારી અપીલ છે કે મહુવા િવસ્તારમાં પણ સહકારી માળખું મજબૂત બને અને લોકોને સહકારી ધોરણે વિકાસ કરવાની તક મળે તે માટે મારા પ્રયત્નો રહેશે. મહુવા વિસ્તારના સૂર્યબાગ વાડી, ખારી, મોટી જાગધાર તેમજ બગદાણા, ખાતે વિશાળ સંખ્યામાં જાહેર સભા સંબોધી હતી મહુવા ક્ષત્રિય સમાજના આગેવાન નરેન્દ્ર ભાઈ વાળા, જીતેન્દ્રભાઈ વાંઝા, રામદેવસિંહ વાળા, રામસિંહ પઢિયાર, દેવરાજસિંહ કનકસિંહ ચુડાસમા, પ્રતાપસિંહ ગોહિલ, મહાવીરસિંહ ચુડાસમા, રાજદીપસિંહ સરવૈયા, ભરતસિંહ ગોહિલ, મિલનભાઈ જોશી, રાજભા ગોહિલ, બચુભાઈ પટેલ, કનુભાઈ કલસરિયા, વિજયભાઈ બારીયા, બળદેવભાઈ સોલંકી, કાનાભાઈ વડાળા, નાનુભાઈ વાઘાણી, પ્રવીણભાઈ રાઠોડ, અમિતભાઈ માવતર સહિતના વિશાળ સંખ્યામાં મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી ખાતે રૈયાણી મલ્ટિ સ્પેશ્યાલિટી ડેન્ટલ હોસ્પિટલનું દબદબાભેર રીઓપનીંગ



અમરેલીનાં જિલ્લાનાં સુપ્રસિધ્ધ ડેન્ટલ સર્જન મિલન રૈયાણી અને ડો. રચના રૈયાણીની રૈયાણી મલ્ટિ સ્પેશિયાલિટી ડેન્ટલ હોસ્પિટલનું માણેકપરા ખાતે રીઓપનીંગ ગઈકાલ રવિવારે દબદબાભેર યોજાયું હતું. જેમાં જિલ્લાનાં રાજકીય, સામાજિક અને તબીબી ક્ષેત્રનાં આગેવાનોએ ડોકટર દંપત્તિને શુભેચ્છા પાઠવી હતી. આ તકે પૂ. ભકિતરામબાપુ, પૂ. ઘનશ્યામદાસબાપુ, નાગનાથનાં પૂજારી ભાલચંદ્રદાદા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, યુવા અગ્રણી મનિષ સંઘાણી, માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, સાંસદ કાછડીયા, સારહિ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણી, કોંગ્રેસનાં અગ્રણી જેનીબેન ઠુંમર, ડી.કે. રૈયાણી સહિતે ડોકટર દંપત્તિને આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી હતી.

### સીટીપીઆઈ વાઘેલાની કામગીરી

## અમરેલી : બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો : આરોપી ઝડપાયો

### આરોપી મુનાભાઈ વાઘેલાની અટકાયત

અમરેલી, તા. ૨૯

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે.વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસમાં નોંધાયેલ મોટર સાયકલ ચોરીના આઈપીસી કલમ ૩૭૯ મુજબના ગુન્હાના કામે અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન ચોક્કસ બાતમી આધારે હ્યુમન સોર્સ તથા ટેક્નિકલ સોર્સની મદદથી અમરેલીના હનુમાનપરા જીઆઈડીસી વિસ્તાર માંથી મુનાભાઈ ઉર્ફે મુન્નો કરમશીભાઈ વાઘેલા રહે. વિસાવદર વાળા આરોપીને ચોરીમાં ગયેલ મોટરસાયકલ સાથે ગણતરીના દિવસોમાં પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



### સમાજસેવી ગોપાલ વસ્તરપરાનાં સહયોગથી

## ધારીનાં વીરપુર ખાતે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ થયું

### નાના એવા ગામમાં ઉત્સાહનો માહોલ



અમરેલી, તા. ૨૯

ધારીનાં વીરપુર ગામે તાજેતરમાં દેશની એકતાનાં પ્રતિક અને પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ સંતો, મહંતો અને ગામજનોની ઉપસ્થિતિમાં ઉત્સાહભેર કરવામાં આવેલ છે.

બાબરાનાં ચમારડીનાં વતની અને સરદાર પ્રેમી ગોપાલ વસ્તરપરાએ દેશભરમાં પાંચ હજાર સ્થળોએ સરદાર પટેલની પ્રતિમા સ્થાપના કરવાનો સંકલ્પ કરેલ છે. જે અંતર્ગત સેંકડો ગામો અને સ્થળોએ પ્રતિમાનું અનાવરણ થઈ ચુકયું છે.

જે અંતર્ગત તાજેતરમાં ધારીનાં વીરપુર ગામે ગોપાલ વસ્તરપરાની ઉપસ્થિતિમાં સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવેલ અને ઉપસ્થિત સંતો, મહંતો અને ગામજનોએ ગોપાલ વસ્તરપરાનાં કાર્યની પ્રશંસા કરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં નીલવડા માર્ગ ઉપર**

ગોટે ગોટા આકાશમાં ઊંચે સુધી જતા હતા અને બે કિલોમીટર સુધી દેખાતા હતા.

આગની ઘટનાની જાણ ફેકટરીના અન્ય ભાગીદાર વિનુભાઈ ભાડાણીને થતા તાત્કાલિક અસરથી ફેકટરીમાં દોડી આવ્યા હતા તેમજ જીઆઈડીસીમાં આવેલ અન્ય કારખાનાં તેમજ ફેકટરીના માલિકો દોડી આવ્યા હતા. પ્રથમ આગને કાબુમાં લેવા પાણીનો સ્થાનિક સોર્સ મારી કાબુમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

બાબરા નગરપાલિકામાં જાણ કરવામાં આવતા તાત્કાલિક અસરથી પાલિકાનું ફાયર ફાઈટર આવી જતા ફાઈટર ટીમ દ્વારા કલાકોની જહેમત બાદ આગ ને કાબુમાં લેવામાં સફળતા મળી હતી. જોકે વ્હેલી સવારે આગ લાગી હતી અને મોડે સુધી આગ વિકરાળ બનતા ફેકટરીમાં ખાસ્સુ નુકસાન થયું હતું. જોકે કેટલું નુકસાન થયું છે તેની તપાસ બાદ ખ્યાલ આવે હાલ અંદાજ લગાવી શકાય તેમ નથી.

પાના ૧ ઉપરનું ચાલું **ફલેશ મોબ કાર્યક્રમ યોજાયો**

મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે. મહત્તમ નાગરિકો મતદાન કરે તે અંગે લોકોને પ્રેરિત કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેલ્લા એક મહિનામા TIP અને SVEEP અંતર્ગત જિલ્લાના વિવિધ સ્થળો પર જઈને પાંચ લાખ કરતા વધુ લોકોને મતદાન માટે પ્રેરિત કરવામાં આવ્યા છે. મતદાર જાગૃત્તિ કાર્યક્રમ અન્વયે ગાંધીબાગમાં આ ફલેશ મોબ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ કે, મને વિસ છે કે તેનાથી પ્રેરિત થઈને સાતમી તારીખે વધુને વધુ સંખ્યામાં લોકો મતદાન કરશે ઉપરાંત આ સંદેશ અમરેલી બહાર વસતા અમરેલી જિલ્લાના મતદારોને પણ પહોંચાડવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યુ કે, આ વખતે ચૂંટણી પંચ દ્વારા દિવ્યાંગો, સગર્ભા માતાઓ અને વરિષ્ઠ નાગરિકોને મતદાન કરવા માટે પ્રાથમિકતા આપવામાં આવશે. તેમને વધુ સમય લાઈનમાં ઉભુ રહેવું પડે નહી. નાગરિકો ચૂંટણી લક્ષી કોઈપણ ફરિયાદ હોય તો ૧૯૫૦ નંબર પર ફરિયાદ નોંધાવી શકે છે, ફરિયાદ નોંધાવ્યાની ૧૦૦ મિનિટમાં ટીમ સ્થળ ઉપર પહોંચીને તેનો નિકાલ કરશે.

કાર્યક્રમમાં મતદારોને જ્ઞાતિ, જાતિમાં કે કોઈપણ પ્રકારના સમાજના ભેદભાવ કે લોભ–લાલચમાં આવ્યા સિવાય ૧૦૦ ટકા મતદાન કરવા માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે મતદાન જાગ્રુતિ માટે બનાવેલ સેલ્ફી પોઈન્ટ પર લોકોએ સેલ્ફી લીધી હતી તેમજ મતદાન માટે સિગ્નેચર કેમ્પેઈનીંગ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટર ગોહીલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડી.એચ. કોટક, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી જે.કે. કાનાણી, તાલુકા વિકાસ અધિકારી ડી.એચ. પંડયા, નગરપાલિકાના ચિફ ઓફિસર એચ.કે. પટેલ તેમજ શહેરના નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા, તેમ તાલુકા વિકાસ અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી સહિત રાજયભરની તમામ પ્રાથમિક શાળાઓમાં ૯ મે થી ૧૨ જુન સુધી ઉનાળુ વેકેશન જાહેર

### રાજય શિક્ષણ વિભાગે સત્તાવાર જાહેરાત કરી

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લા સહિત રાજયભરની તમામ પ્રાથમિક શાળામાં આગામી ૯ મે થી ૧૨ જુન સુધી ઉનાળુ વેકેશન રાજયનાં શિક્ષણ નિયામક દ્વારા જાહેર કરવામાં આવેલ છે.

### અવસાન નોંધ

**અમરેલી :** સ્વ. કાશ્મીરાબેન ભટ્ટ તે સ્વ. સુધીરભાઈ નિરંજન ભટ્ટનાં પત્ની, ચેતન નિરંજનભાઈ ભાભી, પ્રિતી સુધીરભાઈ, જામની, સિલ્કી હરિ અનુથ્થામનનાં માતૃશ્રી, દયુતિ, ઈશાના મોટામમ્મી, દહેશ વાસુદેવ મહેતાનાં બેનનો અમરેલી મુકામે અવસાન થયેલ છે. સદગતની સ્મશાન યાત્રા તારીખ ૩૦ સવારે ૮ વાગે તેમના નિવાસસ્થાન, બ્લોક નં. ૧૨૮, સુધીર, શ્રીરંગ સોસાયટી, ચિતલ રોડ, અમરેલીથી નીકળશે. તેમનું ઉઠમણું ત્યાં જ રાખેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં એસ.ટી. બસમાં**

એસ.ટી. બસમાં ફરજના ભાગરૂપે ટિકિટ કાપતા હતા તે દરમ્યાન એક આવારા વ્યકિત દ્વારા તેઓના છુપાઈ મહિલા કંડકટરની જાણ બહાર તેણીના ફોટા તથા વિડિયો ઉતારતો હતો. ત્યાર બાદ મહિલાનું ધ્યાન જતા આ અંગે આ વ્યકિતને ફોટો વીડિયો ડિલીટ કરવાનું કહેતા તે વ્યકિતએ ઉશ્કેરાઈ જઈ અને મહિલા કંડકટરને અપશબ્દો બોલી ગેરવર્તન કરવામાં આવેલ હતું.

આથી અભયમ ટીમ દ્વારા આ આવરા વ્યકિતનો ફોન તપાસ કરતા હકીકતમાં મહિલા કંડકટરના ફોટો તથા વિડિયો જોવા મળેલ હતા. આથી અભયમ ટીમ દ્વારા તે વ્યકિતને કડક શબ્દોમાં કાયદાકીય માહિતી આપી કાયદાનું ભાન કરાવેલ હતું. જેથી તે વ્યકિત દ્વારા પીડિત મહિલા પાસે માફી પણ માંગેલ હતી.

પરંતુ આ પીડિત મહિલાએ જણાવેલ કે, તે વ્યકિતને સબક શિખડવો છે, જેથી ફરી વખત અન્ય કોઈ મહિલા સાથે આવું વર્તન ના કરે, તેમજ આવો ફરી વખત બનાવ ના બને. જેથી તેણી આ વ્યક્તિની વિરોધ કાયદાકીય કાર્યવાહી કરવાની ઈચ્છા અને હિંમત બતાવેલ છે, જેથી ૧૮૧ અભયમ ટીમ દ્વારા આ મહિલાને અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં લઈ જઈ અને આ બનાવ અંગે ત્યાં સ્ટેશનમાં જાણ કરી, તેમજ મહિલાના ઈચ્છા મુજબ પોલીસ સ્ટેશનમાં અરજી કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **આગામી પ્રધાનમંત્રી કોણ**

અને જો એનડીએ ૨૧૦ થી ૨૩૦ બેઠક મળે તો ઈન્ડિયા ગઠબંધનમાંથી કોઈ મોટા ગજાનાં નેતાને તક મળી શકે તેમ છે. દેશનાં ૯૭ કરોડ મતદારોનાં મતદાન ઉપર આગામી પ્રધાનમંત્રી નકકી થશે ત્યારે ભારતનાં મતદારો શું કરે છે તેના પર સમગ્ર વિશ્વની નજર મંડાયેલી છે.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરા–અમરેલી બાયપાસ માર્ગ ઉપર**

ઘટના સ્થળે મોત નિપજયું હતું તેમજ અન્ય ૧૬ વ્યકિતને ઈજા તથા બે ગંભીર હાલતમાં થતાં અમુક વ્યકિતને અમરેલી તો અમુકને જૂનાગઢ તો અમુકને રાજકોટ ખાતે રીફર કરેલ છે. ત્યારે ઘટના સ્થળે પોલીસ દોડી આવેલ હતી તેમજ ચૂંટણીનો માહોલ હોવાથી પ્રાંત અધિકારી નંદા પણ ઘટના સ્થળે દોડી આવેલ હતા.


આ સમગ્ર ઘટના બનતા ત્યાં થી પસાર થતા ચૂંટણી ફરજ પરના પોલીસ ઓબ્ઝર્વર અધિકારી નાજનીન વસીન પસાર થતાં તે આ ઘટના જોઈ પોતાના વાહનમાંથી નીચે ઉતરી ગયા હતા અને લોકોની મદદે લાગી લોકોને હોસ્પિટલ પહોંચાડવા મદદરૂપ થયા હતા. જયારે લોકોએ આ દ્રશ્ય જોતા અધિકારીઓમાં હજુ માનવતા જીવી રહી છે તેવી ચર્ચા કરવા લાગ્યા હતા.


**સંકુલ UG - PG કોલેજ ફી 24–25**

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| આર્ટસ કોલેજ P-S-E | ૬૬૦૦ | MA કોલેજ P-S-E | ૮૬૦૦ |
| કોમર્સ કોલેજ EM-GM | ૮૬૦૦ | M.Com કોલેજ EM-GM | ૮૬૦૦ |
| સાયંસ કોલેજ MB-BT | ૧૨૪૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| BCA કોલેજ | ૧૨૪૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| BBA કોલેજ | ૯૩૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad013


# વડિયા–કુંકાવાવ પંથકમાં ભાજપનાં ઉમેદવારનાં પ્રચારમાં કૌશિક વેકરિયાની જાહેર સભાઓ યોજાઈ



સમગ્ર દેશમાં હાલ લોકસભા ચૂંટણી પ્રચારનો માહોલ બંને ગઠબંધનના પક્ષ દ્વારા તેજ બનતો જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાતની અમરેલી લોકસભા સીટના ઉમેદવાર ભરત સુતરીયાને જંગી લીડથી વિજય બનાવવા માટે ભાજપના નેતાઓ કમર કસતા જોવા મળ્યા છે. અમરેલી લોકસભાના વડિયા–કુંકાવાવ તાલુકા અમરેલી વિધાનસભામાં આવે છે. અહીં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા હાલ ધારાસભ્ય છે તો પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડનુ આ હોમ ગ્રાઉન્ડ છે તો કોંગ્રેસના નેતા જેની ઠુંમ્મરનુ પણ આજ હોમગ્રાઉન્ડ માનવામા આવે છે. ત્યારે આ ભાજપના બંને નેતાઓ હાલ ભાજપના ઉમેદવારને અહીંથી જંગી લીડ કાઢવા માટે પ્રચાર અભિયાન અંતર્ગત ગામડાઓ ખૂંદતા જોવા મળી રહ્યા છે. હાલ વડિયા–કુંકાવાવ તાલુકાના દેવગામ, બાંભણીયા, ભાયાવદર, સૂર્યપ્રતાપગઢ, ખડખડ, બરવાળા, હનુમાન ખીજડીયા, ઢૂંઢિયા પીપળીયા, તોરી જેવા ગામડાઓમાં ચૂંટણી સભાઓ અને પ્રચાર અભિયાનમાં આ બંને નેતાઓએ સરકારની વિવિધ યોજનાઓ અને કેન્દ્ર સરકારના મજબૂત નેતૃત્વના ઉદાહરણ સાથે લોકસભાનાં ઉમેદવાર ભરત સુતરીયાને પોતાનો મત આપવા અપીલ કરતા જોવા મળ્યા હતા. ત્યારે ગ્રામીણ વિસ્તારમાં ભાજપ પક્ષનાં બંને નેતાઓની સભાઓમાં મોટી સંખ્યા માં લોકો ઉમટતા જોવા મળી રહ્યા છે. વડિયા વિસ્તારમાં યોજાયેલ ચૂંટણી પ્રચાર અભિયાનમાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ, પૂર્વ મંત્રી બેચર ભાદાણી, તાલુકા પંચાયત પ્રમુખ પરષોત્તમ હિરપરા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, જીલ્લા પંચાયત સભ્ય જલ્પેશભાઈ મોવલીયા, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, અનિરૂદ્ધભાઈ બોરીચા સહિત ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે જોડાયા હતા અને સવારથી રાત્રી સુધી સમગ્ર દિવસ દરમ્યાન પ્રચાર અભિયાન તેજ બનતું જોવા મળ્યું હતુ. આ પ્રચાર અભિયાનની અસર લોકોમાં કેવી પડે છે તે તો મત પેટીના આંકડાઓ જ બતાવશે પરંતુ હાલ ભાજપનુ પ્રચાર અભિયાન વડિયા–કુંકાવાવ તાલુકામાં તેજ બનતું જોવા મળી રહ્યું છે.

## ગમે તે સ્થળને નામ આપી દેવાથી તે મોડેલ બની નથી જતું

# રાજુલાનાં મોડેલ એસ.ટી.ડેપોમાં અનેક પ્રકારની અનિયમિતતા

**તાપમાનનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી વચ્ચે હોય અને ડેપોનાં પંખા બંધ હોય મુસાફરો અકળાઈ ઉઠે છે**

**છેલ્લા ૩ વર્ષથી ડેપોથી દીવાલ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે**

**રાત્રિનાં ૯ વાગ્યા બાદ ડેપોનું શૌચાલય બંધ કરી દેવામાં આવતું હોવાની ફરિયાદ**

**શૌચાલયની બદબુનાં લીધે મુસાફરોની હાલત દયનીય બની જાય છે**







રાજુલા, તા.૨૯

રાજુલાનો એસ. ટી. ડેપો ને થોડા સમય પહેલા મોડલ ડેપો તરીકે જાહેર કરવામાં આવેલો અને ત્યારે સોશ્યલ મીડિયા તેમજ દરેક ન્યૂઝમાં જોરશોરથી આ ડેપો માટે વાહ વાહ થયેલ .

હવે આ મોડલ એસ ટી ડેપો ફક્ત ને ફક્ત કાગળ પર અથવા તો સરકારી ચોપડે બતાવવા માટે હોય તેવું લાગે છે આ કાળ જાળ ગરમી તેમાં રાજુલા ડેપોમાં નવ પંખા ફીટ કરવામાં આવેલ છે જેમાંથી ચાર પંખા બંધ અને બાકી ના પંખા આઝાદી વખતના હોય તેમ માંદા માંદા ફરતા હોય તેવું લાગે છે પેસેન્જરને પંખા છે તેવું લાગે બાકી એક બાજુ નિગમ મોટી મોટી વાતો કરે છે ત્યારે આ મુશ્કેલી કેવી કોને ?

અધતન સુવિધા આપવાની વાત ફક્ત કાગળ પર જ થાય છે રાજુલા એસ ટી ડેપોમાં રાત્રે ટોયલેટ બાથરૂમ ૯.૦૦ વાગે બંધ થઈ જાય છે અને સવારે મજા આવે ત્યારે આ ટોયલેટ બાથરૂમ ખૂલે પુરૂષો ના ટોયલેટમાં એટલી ગંદકી છે કે ના પૂછો વાત; !!!

વાવાઝોડા વખતથી આ રાજુલા ડેપો ની દીવાલ પડી ગયેલ છે આજે અંદાજિત ત્રણ વર્ષ જેવો સમય થયો પણ આ દીવાલ હજુ રિપેર કરવામાં આવી નથી. રાજુલા એસ.ટી. ડેપોનો ટેલિફોન ચાલુ છે છતાં બંધ હાલતમાં હોય તેવી સ્થિતિ ફોન ઉપાડે તો વાતના થાય અને કા તો નો રીપલાય..!!! બે દિવસ થાય એટલે ખાળ કુવો ભરાય જાય અને ટેન્કર ભરવા આવે એટલે પેસેન્જરને આ ખાળકૂવાની દુર્ગંધ પ્રવાસીને લેવાની !!!! આ શિવાય અન્ય બાબત એ છે કે ૮ થી ૧૦ લાઈટો પડે રાત્રિના સમયે બંધ હાલતમાં હોય છે નિગમના અધિકારીઓ મોટી મોટી વાતો કરે છે ત્યારે જોવાનું એ છે કે ગુરૂવારે લાઈટ ન હોય એટલે રિઝર્વેશન બંધ શું આ બધું જોતાં આ રાજુલા શહેરના એસ.ટી.ડેપોને મોડલ કહેવાય ખરો !!!શું આં બાબત ને વિકાસ કહેવાય !! રાજુલા એસ. ટી.ડેપોના નિમાયેલ ડેપો મેનેજર જોશીની કામગીરી ખુબજ સરસ છે ત્યારે શું આ બાબત તેમને જાણ નથી કે પછી આંખ આડા કાન કરી રહ્યા છે... જો કે હાલ તો ચૂંટણીનો સમય છે પણ આ જનતાની મુશ્કેલી માટે કોઈ યોગ્ય કાર્યવાહી થશે કે કેમ તે જોવું રહયું.

---

### દલિત સમાજનાં અગ્રણી શાંતીલાલ રાણવા દ્વારા

# અમરેલી લોકસભા વિસ્તારનાં દલિત સમાજને કોંગી તરફી મતદાન કરવા અનુરોધ

**કોંગ્રેસ પક્ષે હંમેશા દલિત સમાજને ન્યાય કર્યો છે**

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લા દલિત કોંગી અગ્રણી, સ્વ.ધારાસભ્ય મગનભાઈ રાણવાના સુપુત્ર, સાબરમતી આશ્રમ અમદાવાદ પૂ.ગાંધીજીની સંસ્થા નાં પ્રચારક, ખાંભા, રાજુલા, જાફરાબાદ તાલુકાના મોટા ભાગના ગામોમાં સાંથનીની હજારો એકર જમીન દલિતોને અપાવનાર સ્વ.હરિદાદા રાણવાના પૌત્ર શાંતિલાલ રાણવા ની યાદી જણાવે છે કે આગામી ૭ મી મે ના રોજ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ના યુવાન અને શિક્ષિત ઉમેદવાર શ્રી જેની બેન ઠુંમર ને ૧૦૦% મતો આપીને જંગી બહુમતી થી જીતાડવા જિલ્લાભરના દલિતો કમરકસે, આજુબાજુ ના ઘરોમાં, ગામોમાં, સગા વહાલાઓને પણ કહીએ કોંગ્રેસ તરફે મતદાન કરવા અને દલિત વિરોધી ભાજપા સરકારને ઉખેડી ફેંકવા કામે લાગી જવા આહવાન કરેલ છે.પૂ. બાબાસાહેબે બંધારણ માં આપેલ અનામત છીનવી લેવા, સંવિધાન બદલીને મનું સ્મૃતિ દાખલ કરવાના મનસૂબા ધરાવતી પાર્ટી ને પરાસ્ત કરવા, આ મોકો હાથ માંથી જવા નાં દેવા પણ અપીલ કરેલ છે.તેમ તેમની યાદી જણાવે છે.



---

### પુર્વ સાંસદ વિરજી ઠુંમરની માંગ

# મહુવા-રાજુલા-વેરાવળ નેશનલ હાઈવેના અધુરા કાર્ય પુર્ણ કરો

**વાહન ચાલકોને વ્યાપક પરેશાની**

અમરેલી, તા. ૨૯

પુર્વ સાંસદ/ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે તાજેતરમાં ચુંટણી પ્રચાર અર્થે મહુવા -રાજુલા - જાફરાબાદ પ્રવાસ કરેલ. પ્રવાસ દરમ્યાન મહુવા -રાજુલા -જાફરાબાદ -વેરાવળ જે બની રહ્યો છે તે હાલ એકદમ બંધ હાલતમાં કામગીરી થતી હોય તેવું લાગી રહ્યું છે. વાહન-ચાલકો અતિ મુશ્કેલીમાં મુકાયા છે. ગઈકાલે આ વિસ્તારનાં પસાર થતાં સર્વિસ રોડના કારણે ગામડા સંપુર્ણ દબાઈ ગયા છે. આ વિસ્તારના નાગેશ્રી, મીઠાપુર, બાલાની વાવ, કાગવદર, છતડીયા વિગેરે ગામોમાં પસાર થતા સર્વિસ રોડમાં બળદગાડા ને પણ મુશ્કેલી પડી રહી છે. આ ગામોથી તાલુકા મથકે જવા માટે અતિશય હાલાકી ગ્રામજનો ભોગવી રહ્યા છે ત્યારે આ મંદગતી એ થતી કામગીરી અને નબળી કામગીરી સંબંધે પુર્વ સાંસદ/ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટલને સત્વરે આ વિસ્તારમાં કામગીરી ઝડપી થાય તે અંગે લેખિત માંગણી કરી છે લોકોની સહનશક્તિ ઘટતી રહી છે. કોન્ટ્રાકટરો / અધિકારીઓ ગામલોકોને ઉદ્ધત જવાબ આપી રહ્યા છે ત્યારે આ બાબત ગંભીર ગણી આપના લેવલેથી તાકીદે યોગ્ય સુચના થવા રજુઆત કરી હતી. તેમ એક યાદીમાં પુર્વ સાંસદે જણાવ્યું હતું.



---

# મતદાન માટે રજા ન મળે તો કંટ્રોલરૂમના ટેલીફોન નં. ૦૨૭૯૨-૨૨૨૮૯૯ ઉપર ફરીયાદ કરવા શ્રમયોગીઓને અનુરોધ

અમરેલી, તા.૨૯

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે અમરેલી જિલ્લા લોકસભા મત વિસ્તારમાં તા.૦૭/૦૫/૨૦૨૪ના લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. અમરેલી જિલ્લામાં નોંધાયેલ સંસ્થાઓના સ્થળાંતરીત શ્રમયોગીઓ /કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજૂર કરવાની રહેશે. કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહી અને કોઈ પણ શ્રમયોગીને મતદાનના દિવસે મતદાન કરવા જવા દેવામાં ન આવે તો કંટ્રોલરૂમના ટેલીફોન નં.૦૨૭૯૨-૨૨૨૮૯૯ ઉપર ફરીયાદ કરી શકશે અથવા કંટ્રોલરૂમ મદદનીશ શ્રમ આયુકત ની કચેરી, સી-૧૧૩, પ્રથમ માળ, જીલ્લા સેવા સદન-૨, અમરેલી ખાતે રૂબરૂ ફરીયાદ કરી શકશે.

જો કોઇ નોકરી ઉપર રાખનાર વ્યકિત જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરીદાતા લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ- ૧૩૫- બીની જોગવાઈ મુજબ દંડને પાત્ર રહેશે, તેમ નોડલ ઓફીસર ફોર માઈગ્રેટરી ઈલેકટર્સ અને જીલ્લા પુરવઠા અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

Managed By : Amreli Jilla Vidyasabha
Kamani Science college & Prataprai Arts College
Amreli
President
Amreli Jilla Vidyasabha
BEST CAREER OPPORTUNITY FOR BRIGHT FUTURE
ADMISSION OPEN 2024-2025
Course
Girls Hostel Facility Available
→ B.C.A.
→ B.Sc.(Microbiology)
→ M.Sc.(Chemistry)
→ M.Sc.(Physics)
GCAS FORM FILL UP FACILITY FREE AVAILABLE BY COLLEGE.
Contact
Self-Finance Office,Kamani Science College Building,
Room No.4, Inside Vidyasabha School Gate, Lathi Road,Amreli.
Mo. 92652 42718, 90332 24920, 97123 46553

---

# અમરેલી જિલ્લામાં ઠેકઠેકાણે મતદાતા જાગૃત્તિનાં કાર્યક્રમો યોજાયા




લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શઢ છે. અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા અને ચૂંટણી ખર્ચ ઓબ્ઝર્વર શ્રીનીવાસુ કે. ના અધ્યક્ષસ્થાને ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામજનોએ ઉપસ્થિત રહી મતદાનના મહત્વ વિશે સમજ મેળવી હતી.

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ખીજડીયા ખાતે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. ધારી એસટી બસ ડેપો ખાતેના કંટ્રોલ ઢમ પર મતદાનના મહત્વ વિશે સમજ આપી અચૂક મતદાન માટે અનુરોધ કરતી ઓડિયો ક્લિપ પ્રસારિત કરવામાં આવે છે. મુસાફરોને આ ઓડિયો ક્લીપ દ્વારા મતદાન જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડવામાં આવી રહ્યો છે. ધારી પ્રાંત અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને Social Media Influencers ને મતદાન માટે અનુરોધ કરવા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધારી પ્રાંત કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં Social Media Influencers પર મતદાન જાગૃતિ કરવા માટેના આયોજન વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

ખાંભા તાલુકાના ખડાધાર અને કંટાળા ખાતે ચુનાવ પાઠશાલા કાર્યક્રમ યોજાયો હતો. મતદારોને અચૂક મતદાન કરવા અને આજુ બાજુના તથા સગા-સંબંધીઓને પણ મતદાન માટે અનુરોધ કરવા અપીલ કરવામાં આવી હતી. ગામમાંથી મહિલાઓ પણ મત કરે તે માટે મહિલાઓને મતદાનનું મૂલ્ય સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોએ મતદાન શપથ લીધા હતા. કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીઓ દ્વારા વધુમાં વધુ મતદાન માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. રાજુલા અને જાફરાબાદ તાલુકાઓની વિવિધ એદ્યોગિક સંસ્થાઓ અને તેના માલિકો સાથે, શ્રમિકોને મતદાન માટે સવેતન રજા મળે તે માટે આનુષાંગિક વ્યવસ્થાઓ કરવા તેમજ શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાય તે હેતુ સાથે મતદાતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એદ્યોગિક વિસ્તારોમાં શ્રમિકો તેમજ સ્થળાંતરિત હોય તેવા શ્રમિકોને મતદાનના દિવસે સવેતન રજા મળી રહે તે માટે આયોજન અને વ્યવસ્થા બાબતે વિગતો અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. શ્રમિકોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીઓ દ્વારા વધુમાં વધુ મતદાન માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

## મોટાભાગનાં મતદારોમાં પ્રધાનમંત્રીનાં નામને લઈને અનેકવિધ નામોની ચર્ચા

# આગામી પ્રધાનમંત્રી કોણ : મોદી, ગડકરી, રાજનાથ, ખડગે, પ્રિયંકા કે પછી મમતા

### જો ભારતીય જનતા પાર્ટીને ૨૭૨ બેઠક મળી જાય તો પ્રધાનમંત્રી પદે નરેન્દ્ર મોદીનું નામ નિશ્ચિત માનવામાં આવે છે

### જો એનડીએને ૨૭૨ બેઠક મળે તો પણ પ્રધાનમંત્રીપદે નરેન્દ્ર મોદીનું નામ નિશ્ચિત


### જો એનડીએને ૨૨૦થી ૨૪૦ બેઠક મળે તો નીતિન ગડકરી, રાજનાથસિંહને તક મળી શકે


### જો એનડીએને ૨૧૦ થી ૨૩૦ બેઠક મળે તો ખડગે, પ્રિયંકા, પવાર, મમતા બની શકે પ્રધાનમંત્રી



અમરેલી, તા. ૨૯

સમગ્ર વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતાં ભારત દેશમાં લોકસભાની ચૂંટણીનું બે તબકકાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે અને આગામી એક મહિનામાં બાકી રહેતા અન્ય પાંચ તબકકાનું મળી કુલ સાત તબકકાનું મતદાન પૂર્ણ થવાનું છે. જેમાં ૯૭ કરોડ જેટલા મતદારો મતદાન કરવાનાં હોય અને ૪ જૂનનાં રોજ ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું હોય સમગ્ર વિશ્વની નજર ભારતની ચૂંટણીનાં પરિણામ પર મંડાયેલી છે.





ભારતનાં આગામી પ્રધાનમંત્રી પુનઃ નરેન્દ્ર મોદી બનશે કે ભાજપનાં જ નીતિન ગડકરી કે રાજનાથસિંહ બનશે કે પછી ઈન્ડિયા ગઠબંધનમાંથી મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, શરદ પવાર, મમતા બેનરજી કે પછી કેજરીવાલ અને અખિલેશ યાદવ તેમાંથી કોઈ બને છે તેના પર સૌની નજર મંડાયેલી છે.



જો ભારતીય જનતા પાર્ટીને બહુમતી માટે જરૂરી ૨૭૨ બેઠક મળે તો પુનઃ નરેન્દ્ર મોદી જ પ્રધાનમંત્રી બનશે અને ભાજપનાં નેતૃત્વ ધરાવતાં એનડીએને પણ જો ૨૭૨ બેઠક મળે તો પણ નરેન્દ્ર મોદી જ પ્રધાનમંત્રી બનશે.





પરંતુ જો એનડીએને ૨૨૦ થી ૨૪૦ બેઠક મળે તો નીતિન ગડકરી કે રાજનાથસિંહને તક મળી શકે તેમ છે

અનુસંધાન પાના ૬ ઉપર

## વ્હેલી સવારે આગ લાગતાં ફેકરટીનાં માલીક ઘટના સ્થળે દોડયા

# બાબરાનાં નીલવડા માર્ગ ઉપર આવેલ જીઆઈડીસીમાં ખાનગી ફેકટરીમાં આગ લાગતા લાખો રૂપિયાનું નુકસાન

### પાલિકાનાં ફાયર ફાઈટર અને સ્થાનિકોની મહેનતથી આગ બુઝાવાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

બાબરામાં નિલવળા રોડ પર આવેલ જીઆઈડીસી–૨ માં આવેલ રૂદ્ર એન્ટરપાઈઝ નામની પ્લાસ્ટિકના દાણા બનાવતી ફેકટરીમાં કોઈ કારણોસર આગ લાગતા થોડીવારમાં આગે વિકરાળ સ્વરૂપ લઈ લીધું હતું અને તેના ધુવાડાના

અનુસંધાન પાના ૬ ઉપર



























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)